Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૭ મો.

વૈશાખ

ઇ. સ. ૧૯૪૮ ૫ મી મે

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

અગાઉથી માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૪ મું<br>અંક ૭ મો. | વૈશાખ | વીર સં. ૨૪૭૪<br>વિ. સં. ૨૦૦૪ |

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અજિત જિન સ્તવન ... ... | ( મુનિશ્રી રુચકવિજયજી ) | ૧૪૭ |
| ૨. | सत्य स्वराज्य का ध्येय ... ... ... | ( રાજમલ ભંડારી ) | ૧૪૮ |
| ૩. | વૈરાગ્ય ભાવના ... ... ... | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૫૦ |
| ૪. | જૈન માર્ગમાં ભક્તિ યા પ્રાર્થનાનું સ્થાન | ( શ્રી ઝવેરભાઈ ભાઈલાલ દોશી ) | ૧૫૧ |
| ૫. | વિનય ( સ્વાધ્યાય )... ... ... | ( મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી ) | ૧૫૪ |
| ૬. | જૈન પાઠશાળાના શિક્ષકો કેવા જોઈએ? | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૧૫૫ |
| ૭. | વ્યવહાર કૌશલ્ય: ૨ [ ૨૭૪–૨૭૫ ] ... ... ... | ( મૌક્તિક ) | ૧૫૭ |
| ૮. | સાહિત્ય વાડીના કુસુમો: ૩ ... ... | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૬૦ |
| ૯. | પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ... | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) | ૧૬૪ |
| ૧૦ | પુસ્તકોની પહોંચ ... ... ... ... ... ... | | ૧૭૧ |
| ૧૧ | સભા-સમાચાર ... ... ... ... ... ... | | ૧૭૪ |


---

### નવા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. શા ચત્રભુજ રતનશી | ધારી | વાર્ષિક મેમ્બર |
| ૨. શા પ્રભુદાસ ગિરધરલાલ | મહુવા | ,, |
| ૩. વોરા જગજીવનદાસ નરશીદાસ | તણસા | ,, |
| ૪. પારેખ વનમાળી જીવણ | પીપરલા | ,, |
| ૫. શા. જીવરાજ જેરાજ | તણસા | ,, |
| ૬. વોરા ગિરધરલાલ મગનલાલ | તણસા | ,, |

---

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્હરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ્યું છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો. લખો:—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૪ મું.
અંક ૭ મો

: વૈશાખ :

વીર સ
વિ. સં

## શ્રી અજિત જિન સ્તવન.

( શાંતિ જિનેશ્વર સાહિબા રે-એ દેશી. )

અજિત જિણેસૂર સમરીએ રે, સમરતાં પાતક જાય;
ઉપકારી જગ એ વડો રે, જાસ વચન સુખદાય.
જિન અરિહા જગ જાણીએ રે, ઉપકારી વર એક;
મારગ જેણે મોક્ષનો રે, દાખ્યો સકલ વિશેષ.
બંધહેતુ લહી આતમા રે, ભટકતો આ સંસાર;
નિજ સુખ ઘડી ય ન પામતો રે, દુઃખ દરીઆનો ન પાર.
મોક્ષ મારગ તેણે કારણે રે, અનુપમ એક આધાર;
જાસ સેવંનથી જીવને રે, શિવસુખનો અવતાર.
મારગ એહવો દાખવે રે, તેહના દાસનો દાસ;
રુચક કહે જિન મારગે રે, વિચરતા પુગે આશ.

—મુનિ શ્રી રુચકવિજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सत्य–स्वराज्य का ध्येय ।

( तर्ज–भगवान महावीर जो भारत में न आते, दुःखदर्द जमाने का कहो कौन मिटाते ? )

सच्चा स्वराज्य प्राप्ति का ही ध्येय बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया।
भूले थे उस अध्यातम को जड़वाद बड़ा था, धर्म के स्थान पर अधर्म खड़ा था॥
ऐसे तिमिर में ज्ञान का वह दीप प्रकटाया, भगवान महावीरने सत्य तत्व दीखाया
॥ सच्चा १ ॥

जहां देखो वहां यज्ञों की ही धूम मची थी, रक्त से रंजित यह पुण्य भूमि बनी थी।
तब विश्व को संदेश अहिंसा का सुनाया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा २ ॥

करता के यज्ञ कहते थे यह साक्षि वेद की, बने थे ठेकेदार देते पास स्वर्ग की।
यह वेद अर्थ सत्य नहीं असत्य बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ३ ॥

इसके सर्व सर्वा वह थे इन्द्रभूति, थे अग्निभूति और वह वायुभूति।
मिथ्यात्व हटा इनको दयाधर्म बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ४ ॥

सब को प्राण प्रिय है सब सुख ही चाहते, अकाल मृत्यु और नहीं दुःख को चाहते।
सब जीव को जीने का ही अधिकार बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ५ ॥

फिर इन्द्रभूति सर्व प्रभु पास में आया, धर्म का सिद्धान्त बताइ इनको अपनाया।
प्रभुवीरने पटधर फिर अपना बनाया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ६ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आतमसे परम आतमका सिद्धान्त बताया, जड़वादका अस्तित्व हटा अध्यातम बढ़ाया।
जड़वादमें वह सुख नहीं दुःख बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ७ ॥

जड़वादका साम्राज्य-वह स्वराज्य नहीं है, अध्यातम और सत्य अहिंसा भी नहीं है।
जड़ व भौतिकता को परराज्य बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ८ ॥

जड़वाद की उस जड़ में सदा रहती है हिंसा, अध्यातम साथ में है वास्तु सत्य अहिंसा।
इस सिद्धान्तसे हर आतमको ऊंचा है उठाया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ९ ॥

राष्ट्र का स्व-राज्य यह लौकिक स्वराज्य है, यह वैर-झेर व अशान्ति का साम्राज्य है।
यह सत्य अहिंसा भी लौकिक कहाया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा १० ॥

सच्चा स्वराज्य है जहां अध्यातम राज्य हो, आतमा की पूर्ण शक्ति का विकास हो।
सच्चा स्वराज्य आतम का मोक्ष बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा ११ ॥

हे आतमा! स्व-राज्य की हो तुम को पिपासा, अध्यातम में लयलीन बनो तजदो सब आशा।
बाह्य आंतरशत्रु का यह शस्त्र बताया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा १२ ॥

सत्य स्व-राज्य प्राप्ति का ही ध्येय बनाओ, सत्य श्रद्धा सत्य ज्ञान से मिथ्यात्व हटाओ।
निजरूप चिदानंद इसी में है समाया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा १३ ॥

निजरूप को पहिचान कर पुद्गलको हटाओ, आतमाको परम-आतमाके योग्य बनाओ
फिर स्व-राज्य राज दूर नहीं पासमें आया, भगवान महावीरने सत्य तत्व दीखाया॥
॥ सच्चा १४ ॥

रचयिता—राजमल भंडारी-आगर (मालवा)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈરાગ્ય ભાવના

સ્રગ્ધરા.

આયુઃ પ્રાણીતણું ચંચળ અતિ, ઘડી એની યુવાની ગણી છે,
લક્ષ્મી સંકલ્પ જેવી, સ્થિતિ પળ સુખની કાગળોગોલણી છે;
સ્ત્રીનાં આલિંગનો, સ્વલ્પ જ સુખ કરતા કંઠ ઝાલી કરેલા,
જેથી રાખે સુબુદ્ધિ, ભવ ભય તરવા આતમજ્ઞાને કરેલા. ૧

શાર્દૂલવિક્રીડિત.

સંસારી સુખ પુત્ર મિત્ર સહુનો, છે નાશ નિયોગથી,
છે આ દેહ શ્વાસ કાસ ગુમડે, વ્યાપી રહ્યો વ્યાધિથી;
આવ્યો કાળ કરાળ ભ્રાત ! સમીપે, છે ખેદ એનો ખરે !
જાણ્યું ના સુખરૂપ શું જગતમાં, આ ચિત્ત પાપે રમે. ૨
ત્યાગી દુર્મતિ રાજ્ય પિતૃવચને, શીલાચલો સેવતા,
ત્યાગી ક્રોધ સમુદ્રને ક્ષય કરી, લંકારૂપી લક્તા;
મારી રાવણ મોહરૂપ શત્રુથી, ધારી વ્રતો વીરનાં,
પામ્યા રામ જ સ્વર્ગ મુક્તિ સરખી, પામીશ સ્ત્રી મુક્તતા. ૩
આ મારું ધન પુત્ર મિત્ર સ્વજનો, પુત્રી, પિતા ને પ્રિયા,
કાકા માતુલ રિદ્ધિ સિદ્ધિ જગની, જે સર્વ પ્યારા ગણ્યા;
આ સંબંધ પતંગ રંગ સરખો, જાણી ન રાચે સખા !
જે રેતી કણ સ્વલ્પ કાળ મળતાં, અંતે જ જુદા થતા. ૪

ઉપજાતિ.

અષ્ટાચલો સપ્ત નથી સમુદ્રો, બ્રહ્મા અને સૂર્ય ન ઇંદ્ર રૂદ્રો;
તું હું વળી આ નહિ સર્વ લોક, શા કારણે તો કરવો જ શોક. ૫

મંદાક્રાન્તા.

લક્ષ્મી જાણો ચપળ અતિશે, દુઃખદાતા રસો છે,
વિપત્તિનું ઘર તન ગણ્યું, કષ્ટદા વૈભવો છે;
શોકે ડુબ્યું જગત સઘળું, આધિ, વ્યાધિ, ઉપાધિ,
આ સંસારે અતિરત કુબુદ્ધિજનો છે તથાપિ. ૬

અનુષ્ટુપ.

અનિત્ય રૂપ યૌવન, આયુષ્ય, દ્રવ્યસંચય;
જ્ઞાની આ ન્યાયને જાણી, માને ત્રિલોક લોષ્ટવત્. ૭
હજારો માત ને પિતા, સંબંધો પુત્ર સ્ત્રીતણા;
થયા બધાય જન્મના, તો કોના સત્ય માનવા ? ૮

મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મમાં ભક્તિ યા પ્રાર્થનાને સ્થાન

લેખક–શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશી.

જૈનદર્શનમાં ઇશ્વરને જગતના કર્તા, નિયંતા કે સંહર્તા તરીકે માનવામાં આવતો નથી. "ઓ ઇશ્વર તું એક છે, સર્જ્યો તેં સંસાર." એ કથન જૈનદર્શન પ્રમાણે વાસ્તવિક નથી. સમસ્ત ચરાચર જગતને ઇશ્વરે રચ્યું છે, ઇશ્વર જગતનું નિયંત્રણ કરે છે, પ્રાણીઓને જે સુખદુઃખ મળે છે તે ઇશ્વરની કૃપા કે અવકૃપાનું ફળ છે, ઇશ્વર ચાહે તો ગમે તેવા પાપી માણસને પણ તારી શકે છે–આવી માન્યતા જૈન દર્શનથી વિરુદ્ધ છે. સંસાર અનાદિ છે, તેનો કોઇ કર્તા કે સંહર્તા નથી, જીવો પોતાના કર્માનુસાર સુખદુઃખ પામે છે અને પોતાના જ પુરુષાર્થથી મુક્તિ મેળવી શકે છે એવો જૈન સિદ્ધાંત છે. આવા સિદ્ધાંતમાં ઇશ્વરની મહેરબાની કે ઇશ્વરની કૃપા(Grace of God)ને સ્થાન નથી. એટલે વસ્તુતઃ જૈનધર્મમાં ભક્તિ, પ્રાર્થના કે ઇશ્વરની સ્તુતિને ઓછું સ્થાન છે, આ હકીકત એકદૃષ્ટિએ બરાબર છે પણ તાત્વિક દૃષ્ટિએ જોતાં બીજા ધર્મ કરતાં કોઇપણ રીતે ઓછું સ્થાન ભક્તિ કે પ્રાર્થનાને જૈન દર્શનમાં નથી.

પ્રાર્થના(Prayers)ના બે પ્રકાર છે. પહેલો પ્રકાર પ્રભુની દયા માગવાનો, હે પ્રભુ! હું પાપથી ભર્યો છું માટે મારા ઉપર દયા કર, અને મારા પાપો માફ કર હે પ્રભુ! મારા પાપમાંથી મને બચાવ. (O Lord! save me from my sins) આવી પ્રાર્થના ક્રિશ્ચીયન દેવળોમાં કરવામાં આવે છે, અને પોતાની દીનતા બતાવી પોતા ઉપર કૃપા કરવા ઇશ્વરને વિનવવામાં આવે છે.

પ્રાર્થનાનો બીજો પ્રકાર એવો છે કે જેમાં જીવાત્મા પરમાત્મા સાથે જાણે કે સંભાષણ કરે છે, પરમાત્માના ગુણો–અનંત જ્ઞાન, અનંત શક્તિ–ની વિચારણા કરે છે. જે ગુણો પરમાત્મપદને પામેલા અર્હંતોમાં વ્યક્ત થયેલા છે તે જ ગુણો અનંતજ્ઞાન, અનંતશક્તિ પોતામાં પણ છે; વ્યક્તરીતે નહિ પણ સત્તારૂપે રહેલા છે. અને સ્તુતિ કરવાથી, ધ્યાન કરવાથી પોતાનો આત્મા પણ તેવા ગુણો વિકસાવી અર્હંત પદને પામી શકે છે. આવી પ્રાર્થના સમૂહમાં થઇ શકતી નથી પણ એકાંતમાં થાય છે. જીવનના ઉત્તમ ક્ષણોમાં સર્વ ઐહિક વ્યવહારથી પરાંગમુખ બનીને મનુષ્ય પોતાના હૃદયમાં આત્મા પરમાત્માના સંબંધનો વિચાર કરવામાં તલ્લીન બને છે, આત્મભાવને ભૂલીને પરમાત્મભાવમાં તન્મય થાય છે, પરમાત્મભાવનો સાક્ષાત્કાર કરે છે. આવા ક્ષણોમાં જીવાત્માને પોતાના શુદ્ધ પરમાત્મભાવની ઝાંખી થાય છે. અને એક વખત પરમાત્મ સ્વરૂપની ઝાંખી થયા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી પરમાત્મ પદ પામવાની શ્રદ્ધા ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને જીવ પરભાવ છોડી દઇ સ્વભાવમાં રમણ કરે છે.

પ્રાર્થના એટલે પ્રભુના ગુણોની વાણીદ્વારા સ્તુતિ. જૈન ધર્મમાં પ્રાર્થનાને સ્થાને સ્તુતિ કે સ્તવન શબ્દ વાપરવામાં આવે છે. પૂર્વાચાર્યોએ પોતાનો પરમાત્મા સાથેનો સંબંધ જે વિચાર અને વાણીદ્વારા વ્યક્ત કર્યો હતો તે દ્વારા પ્રભુના ગુણો વિચારવા અને ગાવા તે પ્રાર્થના કે સ્તુતિનો વિષય અને ઉદ્દેશ છે; અને પોતાનો આત્મા જેટલે દરજ્જે આવી પ્રાર્થનામાં જાગ્રત રહે તેટલે દરજ્જે આવી પ્રાર્થનાની સફળતા છે.

ઉપર બતાવ્યું તે પ્રમાણે પ્રભુની પ્રાર્થના કે સ્તુતિ પ્રભુની કૃપા મેળવવા માટે કરવાની નથી, પણ વાણીદ્વારા પ્રભુના ગુણો સંભારી તે ગુણો આપણામાં વિકસાવવા માટે છે. શ્રી દેવચંદ્રજી મહારાજ શ્રી સંભવ જિન સ્તવનમાં કહે છે કેઃ—

શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ;<br>
સ્વપરપ્રકાશક દિનમણી રે, સમતારસનો ભૂપ.

દેવચંદ્રજી મહારાજ એક ભક્ત તરીકે ઇષ્ટ દેવને કહે છે કે–હે સંભવ જિનરાજ! તારું સ્વરૂપ અકળ–કલ્પી ન શકાય તેવું છે, સૂર્યની જેમ તારું સ્વરૂપ–સ્વભાવ પોતાને અને બીજાને પ્રકાશ કરનાર છે. હે ભગવન્! તમે સમતારસના સ્વામી છો, એટલે જ્ઞાનથી તમે સ્વપરપ્રકાશક છો અને સ્વભાવથી અખંડ આનંદ-સ્વરૂપ છે. આત્માના પરમાત્મભાવનું આ કથન છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ સંસારી જીવને યથાર્થરૂપે પ્રતીત થતું નથી, તેનું કારણ સંસારી જીવની કર્મવશતા છે. કર્મના બંધનથી આત્માની સહજ જ્ઞાનશકિત અવરાઇ ગયેલ છે. કર્મના બંધનો તોડી નાંખવા અને આત્માની સહજ અનંત જ્ઞાનશકિત પ્રકાશિત કરવી તે ધર્મનો-પુરુષાર્થનો હેતુ છે. અને તે હેતુ સિદ્ધ કરવા શાસ્ત્રમાં બતાવેલ ધર્મક્રિયાઓ કરવાની રહે છે. આત્માની જે અનંતશકિત પ્રગટે છે તેનું ઉપાદાન કારણ તો જીવાત્મા પોતે જ છે, ઇશ્વર કે દેવની કૃપાથી અનંત જ્ઞાનશકિત જીવાત્મામાં નવી પ્રગટ થતી નથી. પરમાત્માની સ્તુતિ કે ભકિત તે તો એક નિમિત્ત કારણ છે. દેવચંદ્રજી મહારાજ કહે છે કેઃ—

" અવિસંવાદ નિમિત્ત છો રે; જગત જંતુ સુખ કાજ. "

× × ×

" ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ;<br>
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુસેવ. "

હે ભગવન્! તમે જગતના સર્વ પ્રાણીઓના સુખના અવિસંવાદ નિમિત્ત છો અર્થાત્ તમારી સેવાથી–ભાવનાથી સર્વ જીવોને નિશ્ચળપણે સુખની પ્રાપ્તિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે પરમસુખની પ્રાપ્તિ કરવામાં એક આલંબનરૂપ છે. જો કે પરમાનંદસ્વરૂપ તો આત્મામાં પોતામાં જ છે. પ્રભુની કૃપાથી આ પરમાનંદ સ્વરૂપ આત્મામાં નવું પ્રાપ્ત થતું નથી. કોઈપણ વસ્તુની નિષ્પત્તિ માટે બધા કારણો મળવા જોઇએ. એક ઘડો બનાવવા કુંભારની જેટલી જરૂર પડે તેટલી જરૂર માટીની પડે છે. અહીં કુંભાર એક નિમિત્ત કારણ છે, માટી ઉપાદાન કારણ છે તેમ આત્મસિદ્ધિ માટે આત્માની શુદ્ધ સ્વરૂપની જરૂર છે તેટલી જ જરૂર તેના નિમિત્તકારણ શુદ્ધ કરણી–પ્રભુભક્તિની જરૂર છે. એક ઠેકાણે દેવચંદ્રજી મહારાજ કહે છે કે—

અજકુળ ગત કેસરી લહે રે, નિજપદ સિંહ નિહાળ;
તિમ પ્રભુભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ.

બકરાનાં ટોળાંમાં રહેલો સિંહ સાચા સિંહને જોઇને પોતાના સાચા સિંહ-સ્વરૂપને નિહાળે છે, તેમ પ્રભુની ભક્તિ કરવાથી ભવ્ય જીવ પોતાની સાચી આત્મ-શક્તિને પીછાને છે. બીજે ઠેકાણે કહે છે:—

પ્રભુજીને અવલંબતા, નિજપ્રભુતા હો પ્રગટે ગુણરાશ

પ્રભુના ગુણની સ્તુતિ કરતાં પોતાના આત્માના પ્રભુતાના ગુણો પ્રકટ થાય છે. ટૂંકામાં જૈનદર્શનમાં પ્રાર્થના અથવા સ્તુતિનું સ્થાન પ્રભુની કૃપા મેળવવા માટે નથી, પણ પ્રભુના ગુણોનું કીર્તન કરી, પ્રભુના ગુણો સંભારી, પોતામાં રહેલ પ્રભુતાના ગુણો પ્રકટ કરવાનું છે. આ દૃષ્ટિથી પરમાત્માની ભક્તિ–કીર્તન–પ્રાર્થના–સ્તુતિને ધર્મસાધનમાં જૈનધર્મમાં મોટું સ્થાન છે.

પ્રભુની ભક્તિ સમૂહમાં પણ કરવામાં આવે છે અને એકાંતમાં પણ કરવામાં આવે છે. આપણે જે વિધવિધ પૂજાઓ ભણાવીએ છીએ તે સમૂહપ્રાર્થના છે. એકાંતમાં જીવનના ઉત્તમ ક્ષણોમાં, સર્વ ઐહિક વ્યવહારથી પરાંગમુખ થઇ પ્રભુના ગુણો વાણીદ્વારા આપણે ગાઇએ છીએ અને તેમાં તન્મય થઇએ છીએ તે વ્યક્તિગત પ્રાર્થના છે. પ્રાતઃકાળ અને સાયંકાળમાં પ્રતિક્રમણ આદિ ક્રિયામાં જે સ્તવન કે સ્તુતિ આપણે એકાગ્રચિત્તે આત્માના પૂરેપૂરા ઉપયોગ સાથે કરીએ તે વ્યક્તિગત પ્રાર્થના છે. સમૂહપ્રાર્થના કરતાં પણ આવી એકાંત પ્રાર્થના આત્મ-દર્શન માટે વધારે ઉપયોગી છે. આવી પ્રાર્થના ઘણીવાર વાણીદ્વારા–શબ્દો-દ્વારા થાય છે. પૂર્વાચાર્યોને પરમાત્મસ્વરૂપનો જે સાક્ષાત્ અનુભવ થયો હોય છે, તે અનુભવને વાણીમાં બીજા જીવોના શ્રેય માટે વ્યક્ત કરવામાં આવ્યો હોય છે, તે પૂર્વા-ચાર્યોના રચેલા સ્તવનો છે, અને સ્તવનોનું ઉચ્ચારણ કરવાથી આપણને પણ ક્ષયોપશમ પ્રમાણે પરમાત્મભાવનું વધતેઓછે અંશે ભાન થાય છે. અને એક વખત પરમાત્મપદની ઝાંખી થયા પછી અર્થાત સાધ્યના દર્શન થયા પછી તે વચનો ઉપર અનન્ય ભાવ–શ્રદ્ધા થાય છે અને ઉત્તરોત્તર આધ્યાત્મિક ગુણો વિકસે છે. દેવચંદ્રજી મહારાજ કહે છે કે:-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"એક વાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય."

આગમ એટલે પૂર્વાચાર્યોએ સંગ્રહિત જ્ઞાન એટલે આપણા પૂર્વાચાર્યોએ અનુભવથી અને ઉત્તરોત્તર આવેલ શબ્દજ્ઞાનથી શુદ્ધ આત્મસ્વરૂપ જે બતાવેલ છે તે પ્રમાણે મને જો એક વાર નિશ્ચિતપણે પ્રભુની વંદના એટલે પ્રભુના સ્વરૂપની ઝાંખી થાય તો હું કૃતાર્થ થાઉં.

ટૂંકામાં જૈનદર્શનમાં ભક્તિ કે પ્રાર્થનાને સ્થાન નથી એ કહેવું યથાર્થ નથી. જૈનાચાર્યોએ જ્ઞાનયોગને પ્રરૂપ્યો છે તેમ ભક્તિયોગને પણ પ્રરૂપ્યો છે પણ પુષ્ટિમાર્ગમાં અથવા ઇસ્લામ અને ક્રિશ્ચિયન ધર્મમાં ઇશ્વરની કૃપા ઉપર જ બધો ભાર મૂકવામાં આવ્યો છે, અને જીવાત્માને એક ક્ષુદ્ર-હીન--અસહાય માનવામાં આવ્યો છે, તેવો જૈનમાર્ગનો ઉપદેશ નથી. જૈનદર્શનમાં તો જીવાત્માને પણ સત્તરૂપે પરમાત્મા માનવામાં આવે છે. અને જીવ પોતાના જ પુરુષાર્થથી, કોઇ કૃપા કે મહેરબાનીથી નહિ, પરમપદ-ઐશ્વર્યપદને પામી શકે છે એવું, સિદ્ધાંતથી ભારપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ દૃષ્ટિએ જૈનદર્શનમાં આત્માને પરાવલંબી માનવામાં આવ્યો નથી, પણ સ્વાવલંબી ગણવામાં આવે છે. જૈનદર્શન નિરાશાવાદી નથી પણ પૂર્ણ આશાવાદી છે.

---

**વિનય—( સ્વાધ્યાય )**

એ ગુણ અનુપમ જાણો—જગમાં૦,
વિનય વડો હી વખાણો—જગમાં૦;
વિનયે ગુણ સંપદ સવિ સંપજે, ઉપજે જ્ઞાન રસાલ;
વિનય ધરે તે ધન્ય ધન્ય ભવિજન, કાપે કર્મ કરાલ જગમાં૦
જ્ઞાન ભણ્યા એક ગુરુની પાસે, શિષ્યો બન્ને સમાન;
પથ અભિજ્ઞાન વિચારી ભાખે, વિનયી લહે બહુમાન. જગમાં૦
ખેદ ધરે અવિનયી ગુરુને, કહે કરો પક્ષપાત;
સમજાવે ગુરુ પણ નવિ સમજે, ભમે અંધારી રાત. જગમાં૦
લોકોપચારને અર્થને અર્થે, કામ કામના કાજે;
ભયથી પણ કેઈ વિનયને કરતો, જનમાં પ્રીતિ ઉપાર્જે. જગમાં૦
લૌકિક વિનય એ ચારે દાખ્યાં, મોક્ષવિનય છે મોટો;
પાંચ પ્રકારે સેવો ગુણિજન, ન જડે જેનો જોટો. જગમાં૦
દશવૈકાલિક આગમ ઉત્તમ, સિજ્જંભવ સૂરિરાયા;
વિનય સમાધિ નામે નવમે, અધ્યયને સમજાયા. જગમાં૦
ઉત્તરાધ્યયને પ્રથમ પ્રરૂપે, વિનય શ્રુત ભગવાન;
એ વિનયને વરવા નિશદિશ, ધુરે ધુરન્ધર ધ્યાન. જગમાં૦

**મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન પાઠશાળા માટે શિક્ષકો કેવા જોઈએ ?

લેખક—શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ.

દરેક જૈન વસ્તીવાળા ગામમાં પ્રસંગાનુસાર કોઈ મુનિમહારાજ કે કોઈ આગેવાન ગૃહસ્થની પ્રેરણાથી જૈન પાઠશાળા અસ્તિત્વમાં આવે છે. પ્રારંભમાં ઉત્સાહ સારો હોય છે ત્યાંસુધી પુસ્તકો અને બીજું વિપુલ સાહિત્ય ભેગું થઈ જાય છે. અને બધા જ ધર્મી બનીને વિદ્યાર્થી તરીકે દાખલ થાય છે. થોડા દિવસ માટે તો જાણે જૈન ધર્મના ઉદ્દ્યોતના જોરશોરથી શરૂ થઈ જાય છે અને બધા જ ધર્મી બની ગયા હોય તેવો આભાસ ઉત્પન્ન થાય છે. કોઈ એક ગૃહસ્થ શિક્ષકની ખુરશી ઉપર બેસી જાય છે અથવા બહાર ગામથી પગારદાર શિક્ષક બોલાવી તેના તાબે પાઠશાળા સોંપી દેવામાં આવે છે.

પરંતુ **उत्पद्यंते विलीयंते दरिद्राणां मनोरथाः ।** એ ન્યાયે ધીમે ધીમે ઉત્સાહ મંદ પડતો જાય છે. ગામના આગેવાનો બેદરકારી સાથે બધું વર્તન શરૂ કરી દે છે. પાઠશાળા તરફ કોઈ જોનારો પણ તૈયાર હોતું નથી. માસ્તર નિરંકુશ બની જાય છે. બીજા ગામો સાથે તેમનો પત્રવ્યવહાર ચાલુ જ હોય છે અને વધુ પગાર મળતાં એક દિવસે ઊડી ચાલવા માંડે છે. વિદ્યાર્થીઓ તો પોતાની સ્કુલની પરીક્ષાઓ અને બીજા કાર્યક્રમોને અંગે બહાના કાઢી ગેરહાજર રહે છે તેમજ કેટલાએક અભ્યાસનું બહાનું બતાવી સિનેમા જોવા જાય છે. પોતાનો દીકરો કે દીકરી બરાબર ભણવા જાય છે કે નહિ તેની તેના વાલીઓને પડી હોતી નથી. આવી પરિસ્થિતિમાં જૈન પાઠશાળા નભે જ શી રીતે ? ફરી બીજો પ્રસંગ ઊભો થાય છે. કોઈક બહારગામથી આવીને બધાઓની ઝાટકણી કાઢે છે અને પુનરુદ્ધારનો પ્રયત્ન શરૂ થાય છે. ફરી પૂર્વવત્ કાર્યક્રમને જોર આવે છે અને **पुनरपि जननं पुनरपि मरणं** એ ન્યાયે ફરી પાઠશાળા પગભર થાય છે અને ફરી મરણ પથારીએ પડી જાય છે. જે ભાવનાથી, પ્રેરણાથી કે અંતઃકરણની લાગણીથી પાઠશાળા ચાલવી જોઈએ તેની કોઈને જ પડી હોતી નથી અને જ્યાંસુધી એવી નિર્મળ ભાવના ધાર્મિક કેળવણી માટે પેદા ન થાય ત્યાંસુધી એવા પ્રયત્નો નિષ્ફળ જવા માટે જ સરજાએલા છે એમાં જરાએ શંકાને સ્થાન નથી. વ્યાવહારિક સ્કૂલની કેળવણીની જેટલી આવશ્યકતા લોકોને લાગે છે તેના થોડા અંશે પણ આ કેળવણી માટે ભાવના હોય તો જ પાઠશાળાઓ ટકી શકે. દેખાવ પૂરતા થીગડા દઈ પછી પાછી દીર્ઘનિદ્રામાં શાંત પડી રહેવાની વૃત્તિ હોય છે ત્યાંસુધી આવા પ્રયત્નો યશસ્વી થવાની જરાએ આશા રાખવી ફોગટ છે.

ધાર્મિક કેળવણીની પૂરી આવશ્યકતા બધાઓને સમજાઈ હોય, તેના માટે પૂરતાં નાણાંની જોગવાઈ કરી રાખેલી હોય અને પોતાની પેઢી કે દુકાનના વહીવટ જેટલી કાળજીથી જો આવી સંસ્થા તરફ દૃષ્ટિ રાખવામાં આવે તો જ આવી સંસ્થાઓ ટકવાની આશા રાખવામાં કાંઈ અર્થ છે; નહીં તો વગર ફોગટની કડાકૂટ સિવાય કાંઈ નિષ્પત્તિ થતી જ નથી.



For Private And Personal Use Only

ગામમાં કોઈ સેવાભાવી ગૃહસ્થ હોય ને તેને ધર્મની થોડી લાગણી હોય છે કે બીજા ખાસ હોશિયાર ને ચતુર લોકો ગહાલિત ગમતમાં ભાગ લઈ તેનાની તૈયારી બતાવે છે પણ તેવા સજ્જન ગૃહસ્થનો ઉત્સાહ પણ થોડા જ વખતમાં તોડી પાડવા આવા ગૃહસ્થો તરત જ તૈયાર થાય છે. એવા શિક્ષકના દોષ કાઢવા માટે જાણે અહમહમિકા શરૂ થાય છે ને થોડા જ વખતમાં તેને પૂરેપૂરો નાપાસ કરી મૂકે છે. વિદ્યાર્થીઓની હાજરી, તેમની નિયમિતતા, અભ્યાસ માટેની તેમની લાગણી વિગેરે તરફ જોવાના જાણે તેમના પાલકોએ સોગંદ જ લીધેલા હોય છે. માત્ર એમને ભણાવતા આવડતું જ નથી, આટલા આટલા દિવસ પાઠશાળા ચાલે છે તેમાં માસ્તરે જરાપણ ભણાવ્યું જ નથી–વિગેરે દોષો કાઢી તેવા ગૃહસ્થને નિરાશ કરી મૂકે છે.

પગારદાર શિક્ષક કેવા મળે છે ? એ વિષે આપણે જરા વિચાર કરીએ. પેપરોમાં જાહેર ખબર આપી, ઓછામાં ઓછો પગાર કેટલો માગો એવી પૃચ્છા કરી શિક્ષકોની ચૂંટણી થાય છે. શિક્ષક તો પોતે નોકરીની શોધમાં જ હોય છે. જુદા જુદા ખાતાઓમાં અરજીઓ મોકલાએલી જ હોય છે. જ્યાંસુધી કાયમ નોકરી નથી મળતી ત્યાંસુધી આવી ધાર્મિક શિક્ષકની નોકરી ચલાવી લેવાની તેની મરજી હોય છે. અને બીજા ગામોના શિક્ષક માટેની જાહેર ખબરોની શોધખોળ તો ચાલતી જ હોય છે. અર્થાત્ આવા શિક્ષકની સ્થિરતા કેટલી હોય તેનો વિચાર કરવા જેવો છે. તેવા શિક્ષકો શિષ્યો માટે કેટલી કાળજી રાખે ? ગામની પાઠશાળાની ઉન્નતિ તેને કેટલી વહાલી હોય ? વિદ્યાર્થીઓમાં ધર્મ ભાવના રેડવાની તેને કેટલી ફીકર હોય ? અર્થાત્ આવા અસ્થિર શિક્ષક પાસેથી ધાર્મિક કેળવણીની સારી અપેક્ષા રાખનારાઓ વધારે પડતી આશા સેવી રહ્યા હોય છે એ નિર્વિવાદ છે.

તે સિવાય આવા શિક્ષકો આપણા નોકર છે અને આપણે તેના શેઠ છીએ એવી ભાવનાને વશ થએલા શેઠીઆઓ દરેક જણ જુદો ઓર્ડર છોડવામાં તૈયાર થઈ જાય છે. અને માસ્તરે બધાઓનું સાંભળવું જ જોઈએ એવી અપેક્ષા રાખનારાઓ ઘણી વખત નારાજ થઈ માસ્તરનો જ દોષ કાઢવા કરે છે. માસ્તર જરા કડકાઈ વાપરે કે વિદ્યાર્થીઓને થોડી પણ શિક્ષા કરે છે તો કાગનો વાઘ થઈ માસ્તરની નાલાયકી સિદ્ધ થઈ જાય છે અને માસ્તર રજા માગે તે પહેલા જ તેને આપોઆપ આવા લોકો નાલાયકીના સર્ટીફીકેટ સાથે વિદાય આપે છે.

આવી પરિસ્થિતિનો તોડ શું ? એ મોટો કોયડો થઈ પડેલો છે. અમોને લાગે છે કે જેને શિક્ષક તરીકે પસંદ કરેલો હોય તેના કુટુંબીજનો કેટલા છે ? તેની આવશ્યકતા કેટલી છે ? અને તેની ધાર્મિક ભાવના કેટલી છે એનો વિચાર પહેલાથી કરી તેને પૂરેપૂરો પગાર આપવો જોઈએ–તે એટલે સુધી કે તેને બીજી તરફ જવાનું મન થાય જ નહીં. ગામના બીજા ધર્મબન્ધુઓ જેટલું જ સમાજમાં તેને સ્થાન હોવું જોઈએ. ગામમાં જેટલા ઘરો હોય તેમાં એક કુટુંબમાં વધારો થએલો ધારી તેવા શિક્ષકને અપનાવવો જોઈએ અને તેનો વિશ્વાસ પરસ્પર કેળવવો જોઈએ, જેથી તેના મનમાં એવી ભાવના જાગે કે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર કૌશલ્ય

(૨૭૪)

આપણને ચાહનાર મિત્રો પાસેથી આપણા ગુણોનું આપણને ભાન થાય છે.
આપણને તિરસ્કાર કરનાર દુશ્મનો પાસેથી આપણી ભુલોનું ભાન થાય છે.
બન્ને ઘણું ખરૂં બહુ વધારે પડતું બોલે છે.
આ બન્ને અંતિમ ભૂમિકાઓ વચ્ચે સત્ય રહેલું છે અને તે શોધવું સહેલું છે.

દરેક માણસને દોષ સુધારનાર–ચેતવણી આપનાર સુધારકની ખાસ જરૂર રહે છે. સામાનું સારું કરે તેવું કડવું વચન બોલનાર દુનિયામાં બહુ બહુ ઓછા હોય છે અને તેને સાંભળનાર, ઉતરવનાર અને પચાવનાર તો તેથી પણ ઓછા હોય છે, એમાં પણ સમાજમાં ઉચ્ચ કે આગળ પડતું સ્થાન ધરાવનાર, નેતા, ઉપદેશક, ગુરુ કે સંસ્થાના નાયકો તેમજ અધિકારી અમલદાર પાસે ખુશામત કરનાર, પ્રશંસા કરનારા, મીઠી વાહ વાહ કરનાર ઘણા હોય છે, પણ ભૂલ બતાવનાર કે સુધારવા સૂચવનાર સજ્જન જવલ્લે જ હોય છે. એક તો કાંઠાબાઇ ફુલેકે ચઢેલા હોય અને ત્યાં તેના ઢોલ તાશાં

---

આ બધા આપણા ભાઈઓ જ છે. અને એમના સહવાસમાં જ આપણે ઘણા વરસો ગાળવાના છે. એવી ભાવના થતાં તેને વિદ્યાર્થીઓ ઉપર ખરો પ્રેમ જાગશે અને તેમના કલ્યાણ સાથે જ આપણું કલ્યાણ સંકળાએલું છે એવી ભાવના થતા ધાર્મિક કેળવણીના શુભ પરિણામો જોવા મળશે. ગામના આગેવાનોએ પણ કેળવાએલ ગૃહસ્થોની જ એક નાની કમિટી નીમી તેમની સીધી દેખરેખ હેઠળ પાઠશાળા મૂકી દેવી જોઇએ જેથી શિક્ષકને હંમેશા ઉત્તેજન અને કામ કરવાનો ઉત્સાહ જાગૃત રહેશે. વિદ્યાર્થી અને શિક્ષક પરસ્પર સ્નેહથી સંકળાઇ જાય એવું વાતાવરણ પેદા થવાથી તેઓ એક જ કુટુંબીઓની પેઠે પરસ્પર પોષક થઇ શકશે. દેખરેખ રાખનારી કમિટીઓ તો કાર્યમાં જે ત્રુટીઓ જણાય તેની તેઓ એકાંતમાં શિક્ષકને જણાવી ચર્ચા કરી તેનો ઊકેલ મેળવવો જોઇએ. આમ શાંત વાતાવરણ ઉત્પન્ન કરવાના દરેક પ્રયત્ન થવાથી જ પાઠશાળાઓ નભાવવામાં સુગમતા થશે અને ઘણા વખતનો એક કોયડો ઉકેલાશે. બાકી ઉપર ઉપરના નિષ્ફળ પ્રયત્નો ગમે તેટલા થશે તેથી કાંઇ ઉપયોગ થવાનો નથી.

મારા લખાણનો શિક્ષકે પણ બોધ લેવો ઘટે છે અને ભાડુતી શિક્ષક નહીં રહેતા સેવાભાવી ધર્મપ્રેમી શિક્ષક થવા પ્રયત્ન કરવો જોઇએ. અને જ્યાં કામ કરવા મરજી થઇ જાય ત્યાં પૂરેપૂરી લાગણીથી અને શાંતિથી કામ કરવા અને તે નભાવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. આમ કરવાથી માસ્તરની પણ લાયકી ઘણી વધવા સંભવ છે. માસ્તર થવા ઇચ્છનારે પોતાનું નૈતિક અને ધાર્મિક બળ કેટલું છે તેની નોંધ મન સાથે કરી પછી જ આવા પવિત્ર કાર્યમાં જોડાવા પ્રયત્નશીલ થવું જોઇએ.



For Private And Personal Use Only

વગાડનાર વધતા જાય એટલે એની પાસે કડવાંબોલાં સુધારકની તતૂડીનો અવાજ ચાલતો નથી. એટલે માણસ પ્રગતિ કરવાને બદલે પાછો પડી જાય છે, વધારે ગુણપ્રાપ્તિ પર પૂર્ણવિરામ થઇ જાય છે અને ઉન્નત હેતુથી આદરેલ કાર્યમાં વિઘ્ન દાખલ થઈ જાય છે મીઠી વાણી, પ્રશંસા કે ખુશામત એ એવી લીજ્જતવાળી ચીજ છે કે એક વાર તેની પકડે માણસ ચઢી જાય પછી તેને આગળ વધવાનો અવકાશ રહેતો નથી. અનેક આશાસ્પદ માનવીના પતનનો ઇતિહાસ જોતાં એમાં ચેતવણી આપનાર સૂરનો અભાવ, અહંવૃત્તિથી એવું સાંભળવાની અલ્પ ઇચ્છા અને એવું સંભળાવનારની માનસિક હિંમતની ગેરહાજરી જણાઇ આવે છે.

આપણા સ્નેહી આપણા ગુણગાન કરે, આપણી પતનની વાતને પણ મોટું રૂપ આપે, આપણી પ્રશંસા કરવામાં પોતાનો વિજય માને એ તદ્દન બનવાજોગ છે. તેમજ કોઇ વિરોધી હોય તો તે આપણી નાની વાતને ભયંકર રૂપ આપવા લલચાય, આપણી સાધારણ નબળાઇને અતિશયોક્તિદ્વારા મોટી બનાવી દે, એવું પણ બનવાજોગ છે. આ કારણને લઇને આપણા સ્નેહી–સંબંધી વર્ગ પાસેથી આપણામાં નાની મોટી શી ચીજો છે તેનું આપણને ભાન થાય છે, ત્યારે વિરોધીઓ પાસેથી આપણી મંદતા, ઉચ્છૃંખલતા, અલ્પતા અને સ્ખલનાનું ભાન થાય છે. આમાં મિત્રની **પ્રશંસાથી** રાચી જવા જેવું નથી, વિરોધીની અઘટિત ટીકાથી ગભરાઇ જવા જેવું નથી.

પણ જો આપણને **આત્મનિરીક્ષણ** કરતાં આવડતું હોય, આત્મલક્ષી અને પરલક્ષી અવલોકન કરવાની કળા આપણે કેળવી હોય, તો આ બન્ને વચ્ચે અર્ધે માર્ગે આપણે ઊભા છીએ એમ સમજવું. મિત્રો કે આશ્રિતોની મીઠી વાણીથી જે લેવાઇ ગયો તે ખલાસ થઇ જાય, અને વિરોધીના બાણે વીંધાઇ ગયો તેણે આપઘાત કરવો પડે. આ બન્નેમાંથી એક પણ હકીકત કર્તવ્ય નથી. **પ્રશંસાથી લેવાઇ જવા જેવું નથી** અને બધેથી પ્રશંસા કે ગુણસંકીર્તનની આશા રાખવા જેવું નથી. પોતે ક્યાં છે તે શોધવું, શોધીને સુધારવું અને સાધ્યને દૃષ્ટિ સન્મુખ રાખવું. બાકી દ્રવ્યથી અને ભાવથી સર્વ વાતે સાવધાન રહેવા જેવું છે.

---

We learn our virtues from the bosom friends who love us; our faults from the enemy who hates us. Both often say too much, but between the two extremes it is easy to find the truth. **Richter**

( ૨૭૫ )

## ' જ્યોર્જ વોશિંગ્ટનના સિદ્ધાંતો. '

**અમેરિકાના** પ્રજાસત્તાક રાજ્યના સ્થાપક અને પોતાની જાતમહેનત, ખંત અને ચારિત્ર-ના બળે તદ્દન સામાન્ય સ્થિતિમાંથી ઉચ્ચતમ પદે આવનાર **જ્યોર્જ વોશિંગ્ટન** ગઇ સદીમાં આદર્શ પુરુષ થઇ ગયા. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સના એ તદ્દન સાદા અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદર્શવાદી મહાન ત્યાગી નરપુંગવે અમુક સિદ્ધાંતોને પોતાના બનાવી દીધા હતા અને ગમે તેટલા ભોગે એ પોતાના **આદર્શને** **ચૂકતા નહિ.** કેટલાક માણસો આદર્શની વાતો કરવામાં ખૂબ રસ લે છે, જો વાત કરતાં હોય તો ખરેખર સંતને કે સત્પુરુષને ભુલાવી દે એવા લોકો, પણ આદર્શ કે આદર્શની વાતો પ્રમાણે **વર્તવાનું** કરી શકતા નથી અને ખરે વખતે ગોટા વાળે છે, પોતાની નબળાઇને આધીન થઇ જાય છે અને આદર્શની વાતને 'પોથીમાંના રીંગણા' જેવી સાચોસાચ બનાવી દે છે.

પણ જ્યોર્જ વોશિંગ્ટનમાં **વિચારશુદ્ધિ** હતી તેટલી જ **આચારશુદ્ધિ** હતી. એ જેવું બોલતા તેવું જ આચરતા, એ જેવું વિચારતા તેવું જ વર્તન કરતા, એનાં મન–વચન–કાયાના યોગોમાં **એકવાક્યતા** હતી, એની પછવાડે એની પાકી ગીલટ હતી, એના આદર્શો પ્રમાણે વર્તનની પાછળ દૃઢ નિશ્ચય અને તે ખાતર ગમે તેટલો ભોગ આપવાની એની તૈયારી અને તમન્ના હતા. આ કારણે એની સિદ્ધાંતરચનામાં દંભને, ગોટાળાને કે આત્મવંચનાનો સ્થાન નહોતું. એના આચાર, વર્તન અને વાણીમાં સંયમ, લાગ અને એકવાક્યતા તરવરતા હતા અને એની પાછળ એનો દૃઢનિર્ણય એની મક્કમતાની પ્રતીતિ કરાવી રહ્યા હતા.

એ પોતાની સાથે મિત્ર તરીકે હમેશા તરવાર રાખતો હતો. એ નિમકહલાલ મિત્ર સર્વદા મૂક રહેતો હતો અને એને અવસરે મદદ કરવા ઉપરાંત એ સર્વદા એને શિખામણ આપ્યા કરનાર હિતકરી સહચારી તરીકે કામ આપતો હતો. એના મ્યાનની બન્ને બાજુ પર એણે લેટીન ભાષામાં બે સિદ્ધાંતો કોતરાવ્યા હતા. તે નીચે પ્રમાણે હતા.

1. Recto face ice "Do the right" 'સાચું કર'

2. Nomeno Timons. "Fear no man." 'કોઇનો ભય ન રાખ'

આ બન્ને સિદ્ધાંતો એને તરવાર કરતાં પણ વધારે મદદ કરતા હતા અને ગમે તેવી મુસીબતમાં પણ એની બાજુમાં ઊભા રહેતા હતા. એણે જે અનેક મહાઉપયોગી સિદ્ધાંતો પોતાના જીવન સાથે વણી દીધા હતા અને જેનો વિસ્તાર હવે પછી કરવાનો છે તેમાં કેંદ્રસ્થાને આ બે સિદ્ધાંતો હતા. સાચી વાત કરે અને કોઇનો ડર રાખ્યા વગર નિર્ણય થઇને કામ કરે એને પછી કોઇની દરકાર રહેતી નથી, વાતોને બનાવવી પડતી નથી, મુદ્દાઓને ગોઠવવા પડતા નથી, મનને ચિંતાના પંજામાં સપડાવા દેવું પડતું નથી. એ ગમે તેવી આફતમાં પણ માર્ગદર્શન મેળવી શકે છે અને એવા કે ગમે તેવા સંયોગોમાં છાતી ઉઘાડી મુકી કામ આપી શકે છે. વોશિંગ્ટનની મહત્તા એના આ અવલ સિદ્ધાંતને અવલંબી રહેલી છે અને એના બીજા સિદ્ધાંતો કેવા તલસ્પર્શી અને મુલાયમ હતા તે આપણે હવે પછી જોશું.

મૌક્તિક

George Washingtons Maxim's. (30-1-1934) B. Chr.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય વાડીના કુસુમો

## આર્ય રમણી ( ૩ )

લેખક—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

### નિર્લેપ જીવન—

ગુરુદેવ, અનગાર જીવનમાં લાંબો કાળ એક જ સ્થળમાં પડી રહેવું એ ઠીક નથી એમ જાણવા છતાં રાજવી પુષ્પચૂળા સાથે પ્રતિજ્ઞાબદ્ધ હોવાથી, પૃથ્વીપુર નગર છોડી વિહાર નથી કરી શકતી ! સતત એ કારણે હૃદય ડંખે છે અને અંતર પોકારે છે કે—એ જાતનો સ્નેહબંધ પણ સાચા સંયમીને ન છાજે. આ માનસિક વ્યથામાં જો કંઈ પણ આનંદનું સ્થાન હોય તો આપ સાહેબની વૈયાવૃત્ય કરવાનો લાભ દુર્ભિક્ષના કારણે પ્રાપ્ત થયો છે એ જ માત્ર છે.

સાધ્વી પુષ્પચૂળા, સંયમમાં વિષાદને જરા માત્ર સ્થાન નથી. માનવને ઘણાખરા પ્રસંગોમાં આસપાસના સંયોગોને આધીન રહેવું પડે છે. શું સાચે આ ભયંકર દુકાળની તાંડવ લીલા જોયા કરવાનું મને શું સારું લાગતું હશે ? એના નિવારણ અર્થે મારું ઉપદેશકાર્ય ચાલુ જ છે છતાં જ્યાં દામ દેતાં ધાન્યના ફાંફાં હોય, અને દયાની વૃત્તિ હોય છતાં વસ્તુનો અભાવ હોય ત્યાં શું ઇલાજ ? આવી સ્થિતિમાં ભગવંતો કહી ગયા છે તે કર્મરાજની વિલક્ષણ લીલા યાદ આવે છે. પ્રજાના મોટા ભાગનું સામુદાયિક કર્મ ઉદયમાં આ રીતે જ આવે છે.

મારામાં યુવાનીનું જોમ હોત તો હું આ વાતાવરણમાં રહી સાક્ષીભૂત ન બનત, પણ વૃદ્ધાવસ્થાએ મારા ગાત્ર ઢીલાં કરી દીધાં છે. વિહારની શક્તિ રહી નથી.

આમ છતાં વીતરાગનાં અનુયાયીને નિરાશાને હૃદયમાં સ્થાન આપવાની જરૂર નથી. આત્મઉપયોગમાં જાગ્રત રહી, 'ભાવ ખીલાવત બાળ'નું ઉદાહરણ નેત્ર સન્મુખ રાખી, આત્મા પોતાનો દૈનિક ક્રમ સાચવે તો જરૂર એ પાટા પર જ છે, પ્રગતિના માર્ગે જ એની કૂચ ચાલુ છે, એમાં સંશયને સ્થાન નથી.

આ તો જાણે સાધ્વી તમારી મનોવ્યથાના સમાધાનરૂપે વાત કરી, બાકી કેટલાક દિનથી મને પૂછવાનું મન હતું કે—જે હૃદય-પારખ મારા ચિરકાળ દીક્ષિત શિષ્યમાં પણ કલ્પી ન શકાય, એ શક્તિ તમારામાં જોવાય છે. આટલાં થોડા સમયના પરિચયમાં તમો મનોભીષ્ટ આહાર લાવો છો. એમાં આત્મિક અનુભવની તેજસ્વી રેખાના દર્શન થાય છે અને સાથોસાથ વૈયાવચ્ચ જેવા ઉમદા ગુણ માટે બહુમાન પણ જણાય છે.

એ અમૂલા ગુણવડે બાહુબળીના આત્માએ જે અદ્વિતીય શક્તિ મેળવી હતી એ તો જગજાહેર વાત છે.

શુશ્રૂષા જરૂર પ્રશંસનીય છે. પણ એ સામે એક લાલબત્તી ધરવાની જરૂર મારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડી છે. એમ ન કરું તો હું મારો ગુરુ તરીકેનો ધર્મ ચૂકું-શુશ્રૂષા કરવામાં દષ્ટિરાગને સ્થાન ન હોઈ શકે. તમારા સરખી દક્ષ સાધ્વી આ વર્ષા ગયેલા વરસાદ પછી તરત જ ગોચરી લાવી આપે એ શાસ્ત્રીય દષ્ટિએ ઉચિત ન ગણાય. ગુરુ પ્રત્યેના રાગથી કે એ વૃદ્ધ, ક્ષુધા નહીં સહન કરી શકે એવા કારણથી કદાચ તમે આ પગલું ભર્યું હોય, તો પણ મારે બાહોકાર જાહેર કરવું પડે છે કે તમોએ વીતરાગ પ્રભુની આજ્ઞા લોપી છે. એ દ્વારા અપ્કાયના જીવોની વિરાધના કરી છે. '૭' કાયના રક્ષકની પ્રતિજ્ઞા પર કાળાશ લગાવી છે!

પૂજ્ય આચાર્ય મહારાજજી! આપે જે અનુમાનનું અવલંબન અહી હિતશિક્ષાના વચનો ઉચ્ચાર્યા છે એ મારા સરખી શિષ્યાને હૃદયમાં કોતરી રાખવા જેવા છે. ગુરુજી પરના સ્નેહવશ થઈને પણ ઉપાસકે શ્રી તીર્થંકર ભગવંતે દર્શાવેલ મર્યાદાનું ઉલ્લંઘન ન જ કરવું જોઈએ, એ વાત હું જાણું છું.

ભલે મેં સંસારી અવસ્થામાં અજ્ઞાનના પાશમાં જકડાઈ, સહોદર સાથે સ્વામીનો સંબંધ રાખ્યો અને આકરા દોષનું ભાજન હું બની; પણ જાગ્યા ત્યાંથી સવાર ગણી મેં મારા જીવનનું પાનું આપશ્રીના ઉપદેશ પછી, નવેસરથી લખવાનો પણ નિશ્ચય કરેલો હોવાથી, મારા સંયમ જીવનમાં જ જરા પણ ક્ષતિ પહોંચે એવું કંઈ કર્યું નથી. આપશ્રીની શુશ્રૂષા અને મારા આહાર-નિહારના કાળ સિવાયની પ્રત્યેક પળ વિના પ્રમાદે ચારિત્રધર્મના શુદ્ધ પાલનમાં ખરચી છે.

ગુણ અનંત આતમતણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેહમાં પણ જ્ઞાન જ વડું રે, જિણથી દર્શન હોય.

એ ટંકશાળી વચન પર અતૂટ શ્રદ્ધા ધારણ કરી, દરેક કરણી પૂર્ણ સમજથી કરી છે; અને મને કહેતાં હર્ષ થાય છે કે ગુરુદેવની કૃપાથી—

જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કઠિન કર્મ કરે નાશ,
વહ્નિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ;
જ્ઞાન સાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગજીવડા રે, ન લહે તત્ત્વ સંકેત.

જેવા કીમતી વચનોનો સાક્ષાત્કાર કર્યો છે.

આપશ્રી માટે દોષિત આહાર નથી લાવી. વર્ષા પછી થોડી ઘડિકા વીત્યા બાદ હું ગોચરી ગઈ હતી. જ્યાં જ્યાં અચિત્ત પ્રદેશ હતો ત્યાં ત્યાં પગ મૂકી, અપ્કાયના જીવને જરા માત્ર દુઃખ આપ્યા વિના આહાર વહોરી લાવી છું. આચાર્યદેવ! આપ નિઃશંકપણે આહાર વાપરો.

સુશીલા! એટલી હદે સૂક્ષ્મ જ્ઞાન થયું છે? તે કેવા પ્રકારનું છે? કાયમ ટકનારું છે કે ક્ષણજીવી છે? ધરતી પરના પ્રદેશની સચિત્ત-અચિત્ત દશાની ઓળખાણ કેવળજ્ઞાની વિના અન્યને ભાગ્યે જ પડે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય ભગવંત ! મને એ કૈવલ્યની પ્રાપ્તિ થઈ છે.

ધન્ય સાધ્વી, ચારુશિલા આર્યરમણી ! પવિત્ર મહાદેવી ! સાચે જ તેં જીવન પંથ ઉજ્જ્વળ કીધો છે. પંકજની માફક કાદવ કીચડમાં ઉપજવા છતાં એનાથી પર બની, માનવ ભવરૂપી મહાન્ સરોવરની સપાટી પર પહોંચી જઈ સુવાસ પાથરી આમ જનસમૂહ માટે અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પુત્રી, મારા આત્માના ઉદ્ધારના રેખાદર્શન, તારા વિશિષ્ટ જ્ઞાનદર્પણમાં જણાય છે કે કેમ ?

જીવનની આ છેલ્લી ઘટિકાઓ વહી રહી છે. કઈ વખતે એમાં ઝાપટ લાગશે એ કોણ કહી શકે ? અભિલાષા તો ઘણી ઘણી સેવી, પણ ' અનુરૂપ કરણી વિના પાર ઉતરણી ' ક્યાંથી લાગે ? કલ્યાણી ! જેવું જણાય તેવું વિના સંકોચે કહી નાંખ.

ગુરુજી, આપ હજારોના માર્ગદર્શક, મારા જેવી અધોદશામાં પડેલીના ઉદ્ધારક અને કેવળ પવિત્ર સંયમમાર્ગના મુસાફર, એ શું માનવજન્મ હારી જાય ખરા ? આપને તો ગંગાનદી ઉતરતાં, ભવસાગર તારનારું કેવળજ્ઞાન થવાનું છે. એ પાછળ બાવિનો અનેરો સંકેત છે.

કેવલી સાધ્વી પુષ્પચૂલાની વાત સાંભળતાં જ આચાર્યપ્રવર અર્ણિકાસુતના રોમરાય વિકસ્વર થઈ ગયાં. ચક્ષુ સામે શિવસુંદરી વરમાળ કરમાં લઈ ઉભેલી જોતાં એવો તે કયો મૂર્ખ હોય કે એ સામે કંઠ ધરવામાં વિલંબ કરે ? વર્ષોના પરિશ્રમ ફળવાના ગોધડીયા વાગી રહ્યા. સૂરિમહારાજે સરિતા ગંગાના કાંઠા તરફ પગલાં માંડ્યાં. જઇફ વય છતાં એક નવયુવાનને છાજે એવી એમાં ઝડપ હતી. એ પાછળ અંતરનો તલસાટ હોવાથી જ જરા રાક્ષસીના હાથ હેઠા પડ્યા હતા.

નદીપાર કરનારા પ્રવાસી સમુદાયથી નાવ ભરાવા માંડી. આચાર્યશ્રીએ પણ સ્નેહ-રણથી પ્રગાઢ એકાદ ખૂણે જ્યાં આસન પાથરવા માંડ્યું ત્યાં તો સૌની અજાયબી વચ્ચે નાવનો એ ભાગ નમી ગયો અને આંખના પલકારામાં નદીગંગાના જળ એમાં ભરાઈ જવાની આગાહી થઈ.

આ જોતાં જ નાવ-માલિક દોડી આવ્યો. બીજા ભાગનાં જ્યાં મુસાફર સંખ્યા ઓછી જણાતી હતી ત્યાં સૂરિજીની બેઠક બિછાવી. એ પર મહારાજ જ્યાં દેહ ગોઠવવાનો આરંભ કરે છે ત્યાં પહેલાની માફક નાવનો એ ભાગ જળમાં ડુબવા લાગ્યો !

સામાન્ય રીતે વયોવૃદ્ધ સૂરિમહારાજની કાયા કંઈ એટલી બધી વજનદાર નહોતી કે જેથી નાવ તેઓશ્રીના ભારથી નમી જાય છતાં જ્યાં એ કાયા ગોઠવવા માંડે ત્યાં નાવ નમે. એ ચમત્કૃતિએ સૌને મૂંઝવણમાં મૂકી દીધા.

એક તરફ સૂર્ય ઊગી ચઢવા લાગ્યો હતો અને એના તાતા તીર જેવા કિરણો માનવ ગણને અકળાવી રહ્યાં હતાં. એમાં પ્રવાસી સમુદાય સફર માટે અધીર બન્યો હતો. જગ્યા ફેરવણીથી કંઈ જ પરિણામ જણાતું નહોતું. નાવિક વૃંદ હવે પગલું ભરવું તેનો

For Private And Personal Use Only

વિચાર કરતો બેઠો. ત્યાં એકાએક થોડા અકળાયેલા મરદોએ ગુરુમહારાજને ઉંચકી, સરિતાના જળમાં ફેંક્યા.

આમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. જ્યાં ભલું ત્યાં ભુંડું અને કંચન ત્યાં કથીરનો સદ્ભાવ અનાદિ કાળથી જ ચાલ્યો આવે છે. ભુંડા માનવની દુષ્ટ કરણી દ્વારા જ ભલા યાને સજ્જનની સાચી કિંમત અંકાય છે. ધવલશેઠ જેવા પાત્રનો યોગ સાંપડ્યો તો જ શ્રીપાલ મહારાજની સાચી પ્રતિભા ખીલી ઊઠી.

અર્ણિકાપુત્ર આચાર્ય જેવા સંતના શીરે નદીમાં પડવાનો યોગ અને વર્તમાન કાળના મહાત્મા ગાંધીજી જેવા પવિત્ર આત્માને ગોળીઓનો ભોગ બનવારૂપ બનાવ એ જગતના આમજનસમૂહને ઉદાહરણ લેવા જેવો છે. એ પાછળ કર્મરાજના કેવા તાણાવાણા વણાયા છે એ તો જ્ઞાની ભગવંતો જ જાણી શકે.

નાવિકો અને અન્ય પ્રવાસીઓ એકાએક બનેલા આ બનાવથી ગભરાઇ ગયા. કોઇ પેલાઓને શિક્ષા કરવા ને બીજા વૃદ્ધ આચાર્યને નદીમાંથી કાઢવા જ્યાં દોડાદોડી કરવા લાગ્યા ત્યાં તો કાંઠા પર આવી ચઢેલા પુષ્પચૂલા સાધ્વી તેમને શાંત કરતાં બોલ્યા.

પ્રવાસીગણ ! સાંભળો. મહારાજના પૂર્વભવની પત્ની જે વ્યંતરી થઇ હતી તે સૂરિજી પર વેર લેવા આવી હતી, અને જે જે સ્થાનકે સૂરિજી બેસતા હતા તે તે ભાગને નમાવતી હતી. એવામાં અકળાઇને જે ભાઇઓએ ભાન ભૂલી ગુરુદેવને જળમાં નાખ્યા, તેમણે કેવળ પોતાના આત્માને ભારી બનાવ્યા અને અંતરની મલિનતા ઉઘાડી પાડી. એવા રાંકડાઓની તો દયા ચિંતવવાની હોય. એ દ્વારા ગુરુજીનું તો કાર્ય સિદ્ધ થયું.

સૂરિને પડતાં નિરખી પેલી વ્યંતરીએ શૂળી નિર્માણ કરી એ પર એમને ઝીલ્યા. આ ક્ષમાશ્રમણને મરણનો ભય હતો જ નહીં. આત્માની અમરતા એમણે શિખવાની નહોતી. એ વેળા એમના અંતરમાં એક જ ભાવના હતી કે શૂળીની ચોંટદ્વારા મારા ગાત્રમાંથી જે રુધિર વહી રહ્યું છે એનાથી અપકાયના જીવોનો ઘાત કિંવા વિરાધના ન થાય. અર્થાત્ ગંગાના પાણીના જીવોની દયા ચિંતવનારા આ સંત ભાવનાના ઉચ્ચપણાને લઇ જોતજોતામાં આ વિષમ ઉપસર્ગને ઓળંગી જઇ કૈવલ્ય પામ્યા.

ક્યાં છે એમ પૂછવાની જરૂર નથી ? સામે જુઓ, દેવોએ જેમનો મહોત્સવ કર્યો છે એવા કેવલી અર્ણિકાપુત્ર સુવર્ણ કમળ પર બેસી દેશના દઇ રહ્યા છે.

એ કહી રહ્યા છે કે–વેરનો બદલો વેર નથી પણ પ્રેમ છે. ભલા પ્રત્યે ભલા થવામાં કંઇ જ નવું નથી, પણ ભૂંડા પ્રત્યે ભલમનસાઇ દાખવવામાં સાચી વીરતા છે. તરત જ સૌ દેશના સાંભળવા દોડ્યા.

સમયના વહેણમાં આ પ્રસંગ તો વિલીન થયો પણ એની સ્મૃતિ સાવ નથી ભૂંસાણી. સૂરિના ઉપસર્ગનું એ સ્થાન પ્રયાગતીર્થ નગરીની ખ્યાતિને વર્યું જે હાલ મોજુદ છે.

( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ સેવાની પ્રથમ ભૂમિકા.

( ગતાંક પૃષ્ઠ ૧૪૬ થી શરૂ )

આમ ચિત્તચંચલતાના કારણરૂપ આ દશ પ્રકારની સંજ્ઞાને ભક્તિવેળાએ શંભાવી દેવામાં આવે, નિરોધવામાં આવે, તો જ સંશુદ્ધ ભક્તિ થઈ ગણાય, અને તો જ ભક્તિકાર્યમાં પ્રથમ ભૂમિકારૂપ ' અભય 'ની પ્રાપ્તિ થાય.

અને એટલા માટે જ,–જ્યાં ખાવાપીવાનું પણ ભૂલાઇ જાય, ભય ભાગી જાય, કામ નકામો થઇ પડે, મમતા મરી જાય, ક્રોધ શમી જાય, માનનું માન ન રહે, કપટનું કપટ ચાલે નહિં, લોભનો લોભ થાય નહિં, અંધશ્રદ્ધા ટળીને સાચી સમજણ હોય, અને લોકની વાહવાહની બીલકુલ પરવા ન હોય,–એવી ચિત્તસંક્ષોભના કારણ રહિત, ' અભય ' સંશુદ્ધ ભક્તિ જ સાચા જોગીજનો કરે છે.

વળી ઇહલોકભય, પરલોકભય, વેદનાભય, અશરણભય, અગુપ્તિભય, મરણભય, આકસ્મિકભય–એમ સાત પ્રકારના મહાભય જે વર્ણવવામાં આવ્યા છે, તે પણ ચિત્તચંચલતાના કારણરૂપ હોઇ ખરેખર ' ભય ' છે, કારણ કે તે તે ભયને લીધે વ્યાકુલપણું રહે છે, અને તેથી ચિત્તચંચલતા–સકંપતા ઉપજે છે. એટલે ભક્તજને તે ભય પણ પ્રયત્નથી ટાળવા જોઇએ. જેમકે—

આ લોકમાં પુત્ર પ્રતિબંધ, સ્ત્રી પ્રતિબંધ, ધન પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ આદિ કારણોને અંગે મોહને લીધે, આનું આમ અનિષ્ટ થઇ જશે તો ? આ મારું ઇષ્ટ કોઇ હરી જશે તો ? આ મારું ધન લુંટાઇ જશે તો ? અગ્નિથી, જલથી વા અન્યથી મારી આ સંપત્તિનો નાશ થશે તો ? આ કુટુંબની અપકીર્તિ થશે તો ? ઇત્યાદિ અનેક પ્રકારે આ લોક સંબંધી ચિંતારૂપ આર્તધ્યાન આદિથી ચિત્તની ચંચલતા–સભયતા ઉપજે છે. તેવા પ્રકારની સભયતા પરમ નિર્ભય એવા અભયદાતા પ્રભુના શરણાર્થી સાચા ભક્તજનને ઘટે જ નહિં. તે તો પરમ નિર્ભયતા જ અનુભવે.

પરલોકમાં મારું શું થશે ? એ સંબંધી કંઇ પણ ચિંતાનું કારણ ભક્તજનને હોતું નથી, કારણ કે પ્રભુભક્તિથી ગતિ અવશ્ય સુગતિની પ્રાપ્તિ થવાની છે એવો તેને નિશ્ચય છે. જ્યાં પ્રભુના સ્વરૂપનું સંવેદન થાય છે ત્યાં વેદનાની સ્મૃતિ પણ કેમ થાય ? પ્રભુનું શરણ જેણે ગ્રહ્યું છે, તેને અશરણપણાની કે અગુપ્તિપણાની ભીતિ ક્યાંથી હોય ? પરમ અમૃત–પદદાતા પ્રભુને જે ભજે છે, તેને મૃત્યુનો કે આકસ્માતનો ભય શેનો રહે ?

" સાત મહાભય ટાળતો રે, સપ્તમ જિનવર દેવ. "—શ્રી આનંદઘનજી

વળી એ જ પ્રકારે નિંદાવિકારાદિ બીજા પણ જે જે ચિત્તચંચલતાના કારણ છે, તે પણ અવશ્ય કોઇ પ્રભુસેવા ઇચ્છનારે પ્રયત્નથી વર્જવા જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની મહાત્માઓએ પોકારીને કહ્યું છે કે-' મૂઢાત્મા× જ્યાં ( વિષયાદિ પરવસ્તુમાં ) વિશ્વસ્ત છે, તેનાથી બીજું આત્માનું ભયસ્થાન નથી અને જ્યાંથી ભયભીત છે, તે પરમાત્મસ્વરૂપથી બીજું અભયસ્થાન નથી.

તાત્પર્ય કે પ્રભુસેવા ઇચ્છનાર ભકતજને ચિત્તચંચલતાના સર્વ કારણ છોડી સૌથી પ્રથમ ચિત્તસ્થિરતા-અભયતા કેળવવી જોઇએ; પરમ અભયદાનદાતા પ્રભુનો આશ્રય કરનારે સર્વ ભયનો પરિત્યાગ કરી પરમ નિર્ભય-અભય થવું જોઇએ. અને એમ થાય તો જ પ્રભુ સેવાની પ્રથમ ભૂમિકા દૃઢ થતાં મુકિતસાધક ભકિતમાર્ગે આગળ વધી શકાય. પરમતત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી**એ અત્યંત માર્મિક સુભાષિત ભાખ્યું છે કે.—

" બીજી સમજણ પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઇશ. "

**અદ્વેષ—' દ્વેષ અરોચક ભાવ. '**

દ્વેષ એટલે અરોચક ભાવ. કાર્ય પ્રત્યે અરોચક ભાવ, અરુચિ, અણગમો, અભાવો તેનું નામ દ્વેષ. કોઇ પણ કાર્ય કરવું હોય, પણ તે પ્રત્યે અરુચિ-અભાવો હોય તો કેમ સિદ્ધ થાય? પરાણે પુણ્ય કેમ થાય? તેમ પ્રભુસેવા કરવી હોય, પણ તે પ્રત્યે અરુચિ-અભાવો હોય તો તે કેમ સધાય? તે તો મન વિનાનું મળવું ને ભીંત સાથે ભટકાવું-તેના જેવું થાય.

**ભોજનનું દૃષ્ટાંત.**

ભોજન પર બેઠા હોઇએ, પણ ખાવાની રુચિ જ ન હોય, અભાવો જ હોય, તો ખવાય કેમ? ને ભાવે પણ કેમ? પરાણે કોળીઆ ઉતારીએ તો વમન થાય કે અજીર્ણ થાય. તેમ પ્રભુભજનમાં બેઠા હોઇએ, પણ તે પ્રત્યે રુચિ જ ન હોય, અણગમો-અભાવો હોય, તો ખરું ' ભજન ' થાય જ કેમ? ને ભાવ સ્ફુરે પણ કેમ? પરાણે-કૃત્રિમપણે ' ભજન ' કરવાની ચેષ્ટા કરીએ, તો દાંભિકપણારૂપ-ડોળઘાલુપણારૂપ-બગલા ભગતપણારૂપ વમન થાય, અને દુષ્ટ મિથ્યાભિમાનરૂપ અજીર્ણ થાય.

પણ જો રુચિપૂર્વક-ભાવથી ભોજન કરીએ તો ભાવે, સરળતાથી ગળે ઉતરે, અને સારી રીતે રસ ઉત્પન્ન થઇ પાચન થાય, જરે અને પૌષ્ટિક રસ શરીરના પ્રતિઅંગને પુષ્ટ કરે તેમ પ્રભુભકિતરૂપ-ભજનરૂપ ભાવ ભોજન જો રુચિપૂર્વક-ભાવપૂર્વક કરીએ, તો ભાવની ઔર સ્ફુરણા થતી જાય ને સરલતાથી હૃદયમાં ઉતરે, અને સમ્યક્પણે રસ ઉત્પન્ન થઇ, પરિણત થાય, પાચન થાય, જરે અને

× " मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद् भयास्पदं ।
यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ॥ "
—શ્રી પૂજ્યપાદસ્વામીજીકૃત સમાધિશતક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ પૌષ્ટિક ભક્તિરસ આત્માના પ્રદેશે પ્રદેશે પ્રસરી આત્મભાવની પરમ પુષ્ટિ થાય, જેનો સહજ આવિષ્કાર ભક્તિ-રોમાંચસ્ફુરણ અને આનંદાશ્રુજલ આદિથી વ્યક્ત થાય; માટે રુચિપૂર્વક જો પ્રભુસેવા કરવામાં આવે, તો જ ભક્તિ અમૃતરસ આત્મપરિણામી થાય, નહિં તો પરાણે ઘોંચપરોણો કરવા જેવું થાય.

## રાજવેઠનું દૃષ્ટાંત.

અરોચક ભાવ-દ્વેષવાળી જે ક્રિયા છે તે રાજવેઠ સમાન છે. પરાણે રાજાના આદેશથી વેઠે પકડીને જે રાજસેવા કરવામાં આવે છે, તેમાં મનનો ઉલ્લાસ ભાવ હોતો નથી, 'આ લપ ક્યાંથી આવી' એવો અણગમો હોય છે અને જેમ તેમ જલદી 'પતાવી' દેવાની ભાવના હોય છે. તેમ ખરી રુચિ વિના અથવા અરોચક ભાવથી જે પ્રભુસેવા કરાય છે તે પણ વેઠ જેવી થઇ પડે છે. લોકલજ્જાદિ કારણે કે પોતાનું લૌકિક માન જાળવી રાખવા ખાતર, કે ધર્મીપણાનો ખોટો દેખાવ કરવા ખાતર જે ક્રિયા કરવામાં આવે, તેમાં અંતરનો ઉલ્લાસભાવ હોતો નથી, આ વેઠ ક્યાંથી આવી ? એવો અભાવો હોય છે, અને જેમ તેમ જલદી ગડબડગોટા વાળી સેવા-પૂજા 'પતાવી' દેવાની-'લે તારો ભોગ ને મૂક મ્હારો કેડો'-એવી તુચ્છ ભાવના હોય છે.

પણ સાચા રોચક ભાવથી-રાજભક્તિભાવથી જે રાજસેવા કરવામાં આવે છે, તેમાં તો મનનો ઉલ્લાસભાવ હોય છે, અંતરનો ઉમળકો હોય છે અને પોતાની ફરજરૂપ રાજધર્મ બરાબર નીમકહલાલીથી અદા કરવાની ભાવના હોય છે, અને તેથી રાજાની પ્રસન્નતાદિ ફળની પ્રાપ્તિ હોય છે. તેમ સાચા રોચકભાવથી જે જિનેશ્વર મહારાજની ભક્તિ કરવામાં આવે છે, તેમાં તો અંતરનો ઉલ્લાસભાવ હોય છે, પ્રેમનો ઉમળકો હોય છે, ઊંચી હોંસ-ઉછરંગ હોય છે, અત્યંત ઉલટ હોય છે, અપૂર્વ ચિત્તપ્રસન્નતા હોય છે અને પોતાના અવશ્ય કર્તવ્યરૂપ-આવશ્યક ધર્મરૂપ ભક્તિકર્તવ્ય ઉત્તમ રીતે સુવિધિપણે સાધ્ય કરવાની ઉચ્ચ ભાવના હોય છે; અને આવા ઉત્તમ સુપાત્ર અવિરાધક આરાધક ભક્તજન પ્રત્યે ભગવાન્ 'સુસ્થિત' મહારાજની પ્રસન્નતા-કૃપાદૃષ્ટિ કેમ ન હોય ? જો કે નિષ્કારણ કરુણારસસાગર તે પ્રભુની કરુણા તો સર્વ જીવ પ્રત્યે સરખી જ છે, પણ અવિરાધક આરાધક જીવ પ્રત્યે જ તે સફળ થાય છે, અને તેના જ જન્માદુ કૃતાર્થપણું-ધન્યપણું હોય છે.

> "તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાજ !
> પણ અવિરાધક જીવને રે, કારણ સફળો થાય...ચંદ્રાનન જિન !"
> "જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ; જિનવર પૂજો.
> જગતશરણ જિનચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ...જિનવર પૂજો."

—શ્રી દેવચંદ્રજી.

For Private And Personal Use Only

" શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંકિત કહી;
જિનભકિત ગ્રહો તરુ કલ્પ અહો ! ભજીને ભગવંત ભવંત લહો. "

—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી મોક્ષમાળા

### ગુણરુચિ

અને સાચો જે ભકતજન હોય છે તેને તો પ્રભુ પ્રત્યે દ્વેષ–અરોચકભાવ હોવાની વાત તો દૂર રહો, પણ પરમ અદ્વેષ જ હોય છે, પરમ રોચકભાવ જ હોય છે; કારણ કે પ્રભુના અનન્ય ગુણગણથી રીઝી તેને તેમના પ્રત્યે પરમ પ્રીતિ ઉપજી છે, પરમ રુચિ જાગી છે અને પ્રભુની આ અનન્યસદૃશ ગુણસમૃદ્ધિ તેને એટલી બધી ગમી ગઇ છે કે આવી ગુણસંપત્તિ મને હોય તો કેવું સારું ? એવી સ્પૃહારૂપ રુચિ તેને ઉપજી છે. જેમ કોઇ દરિદ્ર સામાન્યજન મહાધનાઢ્ય શ્રીમાન્ ઐશ્વર્યસંપન્ન નગરનિવાસીને ભાળી આશ્ચર્ય પામી, મને પણ આવી સંપત્તિ હોય તો કેવું સારું એમ ભાવે છે; તેમ આત્મગુણ–ધનમાં દરિદ્ર એવા પ્રાથમિક આદિ અવસ્થામાં વર્તતા ભવ્ય જીવને પરમ શ્રીમાન્ પરમૈશ્વર્યસંપન્ન મુકિતનગર–નિવાસી પ્રભુની અદ્ભુત જ્ઞાનાદિ અનંત અપાર સંપદા સાંભળતાં, તેના પ્રત્યે પરમ રુચિ, ' ગમો, ' સ્પૃહા ઉપજે છે કે–અહો ! આવી અદ્ભુત જ્ઞાનાદિ ગુણ-સંપદા મને હોય તો કેવું સારું ? આ સ્વરૂપના સ્વામી આનંદઘન પ્રભુના પરમાનંદનો લાભ મને પ્રાપ્ત થાય તો કેવું સારું !

" જ્ઞાનાદિક ગુણ સંપદા રે, તુજ અનંત અપાર;
તે સાંભળતાં ઉપની રે, રુચિ તિણે પાર ઉતાર.
અજિતજિન ! તારજ્યો દીનદયાળ ! "

—શ્રી દેવચંદ્રજી

" અહો ! આ બહુ સુખી છે. એને ભય પણ નથી. શોક પણ નથી. હાસ્ય પણ નથી. વૃદ્ધતા નથી. રોગ નથી. આધિયે નથી, વ્યાધિયે નથી, ઉપાધિયે નથી. એ બાધું ય નથી. પણ × × × અનંત અનંત સચ્ચિદાનંદ સિદ્ધિથી તેઓ પૂર્ણ છે. આપણને એવા થવું છે "

—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૬૧

### રુચિથી પ્રવૃત્તિ

અને આવી રુચિ તેને ઉપજે છે, એટલે પછી તે પોતાનું પરમાનંદમય નિજ સ્વરૂપ પ્રગટ થાય એટલા માટે તે શ્રીમદ્ જિનેશ્વર ભગવાનને નિરંતર પોતાના પરમ પૂજ્ય આદર્શ સ્થાને સ્થાપી–સુપ્રતિષ્ઠિત કરી, તેને પરમ આરાધ્ય, સાધ્ય, ઉપાસ્ય, સેવ્ય માની, પરમ રુચિપૂર્વક તેની આરાધનામાં–સાધનામાં–ઉપાસનામાં–સેવનામાં એકતાન થઇ, તેમની પરમ ઉત્સાહથી ભકિત કરે છે, પરમ આત્મોલ્લાસથી આરાધના કરે છે, પ્રભુ ' ચરણ ' ની ભાવસેવા કરે છે. આમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ જેમ રુચિ વધે છે તેમ તેમ તે રુચિને અનુસરતું આત્મવીર્ય પ્રવર્તે છે, અને તે 'રુચિ-અનુયાયી વીર્ય ચરણધારા સધે' છે,-આત્મચારિત્રની અખંડ ધારા સાધે છે.

"ઓળખતાં બહુમાન સહિત રુચિ વધે...હો લાલ.
રુચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે...હો લાલ.
દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો...હો લાલ."

—શ્રી દેવચંદ્રજી

## ઇચ્છાયોગ

આમ માત્ર સાચી રુચિ-ઇચ્છા-રોચકભાવ ઉપજતાં કેટલું બધું કલ્યાણ થાય છે! 'Where there is a will, there is a way'. એટલા માટે જ સાચી નિર્દંભ-નિર્વ્યાજ ઇચ્છા, રુચિ, રોચક ભાવ જ્યાં પ્રધાન છે, એવા **ઇચ્છાયોગને** સર્વ યોગમાં પ્રથમ યોગ કહ્યો છે, મોક્ષહેતુ યોગના પાયારૂપ-પ્રથમ ભૂમિકારૂપ કહ્યો છે; કારણ કે આ સાચા ( Genuine, Real ) ઇચ્છાયોગ વિના આ યોગરૂપ મોક્ષમાર્ગે આગળ વધાય જ નહિં. પરમ યોગીશ્વર જિનનું સ્વરૂપ સૌથી પ્રથમ ઇચ્છે, રુચે, તો જ તેને આરાધવા પ્રવર્તે. અને જે 'જોગીજન' છે, તે તો તે 'અનંતસુખસ્વરૂપ' શ્રી જિનપદને ઇચ્છે જ છે, અને અતિશય ભક્તિ સહિત તેની ચરણની ઉપાસના કરે જ છે.

"ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત."

—શ્રીમદ્ રાજચંદ્રજી

તાત્પર્ય કે-પ્રભુસેવા કરવા ઇચ્છનારે સૌથી પ્રથમ અદ્વેષ-અરોચક ભાવનો અભાવ-રોચકભાવ અવશ્ય પ્રાપ્ત કરવો જ જોઇએ; તો જ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થાય.

## મૈત્રી ભાવના.

અથવા દ્વેષ એટલે અરોચક ભાવ, એ વ્યાખ્યા જો બીજી રીતે ઘટાવીએ, તો જગતમાં કોઇ પણ જીવ પ્રત્યે દ્વેષ ઉપજવો, મત્સર થવો, અરોચક ભાવ-અણગમો થવો' તે દ્વેષ છે. અને તેથી વિપરીતપણે,-જગતમાં કોઇ પણ જીવ પ્રત્યે દ્વેષ ન ઉપજવો, મત્સર ન થવો, અરોચક ભાવ-અણગમો-અભાવો ન ઉપજવો, પરંતુ ભૂત માત્ર પ્રત્યે 'મૈત્રી' ભાવ થવો તેનું નામ અદ્વેષ છે. એટલે પ્રભુની જે 'સેવા' કરવા ઇચ્છે છે, તેને તો કદી પણ કોઇ પણ જગજ્જંતુ પ્રત્યે દ્વેષ, મત્સર, અરોચક ભાવ, અણગમો હોય જ નહિં, પરંતુ ભૂતમાત્ર પ્રત્યે કેવળ અદ્વેષ, અમત્સર, રોચક ભાવ, ગમો, પ્રેમભાવ, મૈત્રીભાવ જ હોય, કારણ કે ભગવાન પોતે જગજ્જંતુ માત્રના પરમ મિત્ર, પરમ વિશ્વબંધુ છે.

For Private And Personal Use Only

## મિત્રાદૃષ્ટિ.

એટલે તેની ભક્તિ ઇચ્છનારે સમસ્ત જગજ્જીવો પ્રત્યે અદ્વેષ-મૈત્રીભાવ જ ભાવવો જોઇએ, સમસ્ત જગત્ પ્રત્યે નિર્વૈર બુદ્ધિ જ કેળવવી જોઇએ, વિશ્વવત્સલ થવું જોઇએ. આ મૈત્રી ભાવના હોય તો જ અધ્યાત્મમાં પ્રવેશ થઇ શકે, તો જ તે આ અધ્યાત્મમય પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પામી શકે; કારણ કે પ્રભુની ×આજ્ઞાનું પાલન એ જ એની મોટામાં મોટી સેવા છે, અને સર્વ પ્રાણી પ્રત્યે અદ્વેષ-મૈત્રીભાવ* રાખવો એ પ્રભુની આજ્ઞા છે. એ આજ્ઞાનું ઉલ્લંઘન કરી, કોઇપણ જીવ પ્રત્યે દ્વેષભાવ રાખી જો કોઇ પ્રભુસેવા-ભક્તિ કરવા ધારે, તો તે વિડંબના માત્ર જ થઇ પડે. પ્રભુસેવાનો પ્રથમ અધિકાર પામવા માટે તો ભૂતમાત્ર પ્રત્યે અદ્વેષ પરિણામી-મૈત્રી ભાવના ભાવિત જ થવું જોઇએ. અને એવી મૈત્રી ભાવનાથી જે ભાવિતાત્મા હોય છે, તે જ યથાયોગ્યતા પામી યોગની યથાર્થાભિધાના 'મિત્રા' દૃષ્ટિ પામે છે, અને આ મિત્રા દૃષ્ટિમાં જ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થાય છે, કારણ કે જ્યારે 'મિત્રા'-યોગની પ્રથમ દૃષ્ટિ ખુલે છે ત્યારે 'અદ્વેષ' નામનો આ પ્રથમ ગુણ પ્રગટે છે, એમ **યોગદૃષ્ટિસમુચ્ચયકાર શ્રી હરિભદ્રાચાર્યજી** કહે છે.

### અદ્વેષ ગુણ.

અને અત્રે આ અદ્વેષગુણ પ્રગટે છે, તેથી કરીને પોતે દેવ-ગુરુ-ધર્મકાર્યમાં પ્રવર્તતો હોય, પણ બીજો કોઇ તેમાં પ્રવર્તતો ન હોય, તો તેવા જીવ પ્રત્યે તેને દ્વેષ-મત્સર હોતો નથી, તિરસ્કાર હોતો નથી, અસહિષ્ણુતા હોતી નથી, પણ મધ્યસ્થ ઉપેક્ષાવૃત્તિ હોય છે. જો કે હજુ અહીં તેવા પ્રકારનું તત્ત્વ જાણપણું નથી, એટલે માત્સર્ય-દ્વેષનું બીજ નાશ પામ્યું નથી, સત્તામાં છે, તો પણ તે મત્સર-બીજનો અંકુરો-ફણગો ફૂટતો નથી, ઉદય થતો નથી, દબાઇ રહે છે; કારણ કે અહીં જીવનું ચિત્ત તો તત્ત્વ અનુષ્ઠાનનો આશ્રય કરી સત્કર્મમાં લાગ્યું રહે છે, તે પોતે પોતાના કાર્યમાં સાવધાન-મશગૂલ રહે છે; 'સબ સબકી સંભાળિયો, મેં મેરી ફોડતા હું.' એમ સમજી તે પોતે પોતાની સંભાળે છે, એટલે તેને પારકી પંચાતનો-ચિંતાનો અવકાશ રહેતો નથી; અને જો રહેતો હોય તો તેને બીજા પ્રત્યે દ્વેષ, મત્સર કે તિરસ્કાર તો ઉપજતો જ નથી, પણ ઊલટો કંઇક કરુણાભાવ સ્ફુરે છે કે અરે! આ બિચારા જીવો સન્માર્ગને પામતા નથી, તેથી અનંત દુઃખપરંપરાને પામશે, એમ તેને 'પરદુઃખછેદન ઇચ્છા'રૂપ 'કરુણા' ઉપજે છે.

---

× "यस्य त्वाराधनोपायः सदाज्ञाभ्यास एव हि ।"

—શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટક

* "खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे।
मित्ति मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥"

—શ્રી વંદિત્તા સૂત્ર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નકારાત્મક મોટો ગુણ.

અથવા દ્વેષ એટલે અરોચક ભાવ, અરુચિ, અણગમો. તેનો અભાવ તે અદ્વેષ, સદ્દેવ, સદ્ધર્મ, સન્માર્ગ આદિ પ્રત્યે કદાચ રોચક ભાવ ન હોય તો પણ દ્વેષ-અરોચક ભાવનો અભાવ હોવો તે પણ નકારાત્મક પ્રકારનો ( Negative virtue ) એક મોટો ગુણ છે. એવો મધ્યસ્થ ભાવરૂપ અદ્વેષગુણ પ્રગટવો તે પણ કાંઈ નાનીસૂની વાત નથી, કારણ કે સત્ પ્રત્યે, જ્ઞાની સત્પુરુષ પ્રત્યે, સત્પુરુષના વચનામૃત પ્રત્યે જાણ્યે-અજાણ્યે પણ દ્વેષ થવો, એ ઘોર આશાતનારૂપ હોઈ, ભારેકર્મીલક્ષણ છે, અનંતાનુબંધી કષાયનું કારણ છે. એટલે એવા દુષ્ટ દ્વેષનો માત્ર અભાવ થવો એ પણ મોટી વાત છે. ભલે જિન ભગવાન્ પ્રત્યે હજુ પ્રીતિ-ભક્તિ ન ઉપજી હોય, તો પણ તેના પ્રત્યે દ્વેષના અભાવરૂપ મધ્યસ્થભાવ-અદ્વેષ પણ જીવની પ્રગતિનું એક મોટું સીમાચિહ્ન ( Milestone ) છે. એ ગુણ પ્રાપ્ત થયે જીવ આગળના જિજ્ઞાસાદિ ગુણ પામવાને યોગ્ય થાય છે.

"જ્ઞાની પુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળ પરિણામે પરમ ઉપયોગ દૃષ્ટિએ વર્તવું એ અનંત સંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે અને તે વાક્યો જિનાગમને વિષે છે. ઘણા જીવો તે વાક્ય શ્રવણ કરતા હશે, તથાપિ પ્રથમ વાક્યને અફળ અને બીજાં વાક્યને સફળ કર્યું હોય એવા જીવો તો ક્વચિત્ જોવામાં આવે છે; પ્રથમ વાક્યને સફળ અને બીજા વાક્યને અફળ એમ જીવે અનંત વાર કર્યું છે." —શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૩૨૩

આવો મહાન્ અદ્વેષ ગુણ પણ હાલમાં વિરલ જણાય છે. ખેદની વાત છે કે એવા ઘણા જીવો દૃષ્ટિગોચર થાય છે કે જે પરમ વંદ્ય જ્ઞાની સત્પુરુષ આદિ પ્રત્યે આ અદ્વેષભાવ તો દૂર રહ્યો, પણ નિષ્કારણ દ્વેષ-મત્સર-ઘૃણા-જુગુપ્સાદિ નિંદ્ય અધમ ભાવ સેવે છે! આ કેવળ ઉચ્છૃંખલ સ્વચ્છંદ ભાવરૂપ હોઈ દુર્લભબોધિપણું સૂચવે છે. બીજું કાંઈ વધારે આપણાથી ન બની શકે તો ચિંતા નહિં, પણ જાણ્યે-અજાણ્યે આ દ્વેષભાવ આપણે શા માટે ધરવો જોઈએ? આ પ્રશ્ન પોતાના આત્માને તેઓએ પૂછવો જોઈએ.

અને આવો મહાન્ અદ્વેષ ગુણ સૌથી પ્રથમ આવશ્યક છે, અવશ્ય પ્રાપ્ત કરવા યોગ્ય છે, એટલા માટે જ પરમ ભક્ત કવિ આનંદઘનજીએ આ અદ્વેષભાવ પ્રથમ પ્રાપ્ત કરી, પ્રભુસેવા કરવા માટે સર્વ આત્માઓને પરમ પ્રેમથી નિમંત્રણ કર્યું છે. ( અપૂર્ણ )

**ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા,** M. B. B. S.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ

૧. **શ્રી કર્પૂરપ્રકર અને શ્રી કદંબગિરિ બૃહત્કલ્પ**–સ્પષ્ટાર્થ અને વિ[illegible] પ્રકાશક.–શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા–અમદાવાદ. આચાર્ય મહારાજ શ્રી [illegible] સૂરિજી મહારાજે કર્પૂર પ્રકરનો ગુજરાતી ભાષામાં પદ્ય તેમજ ગદ્યમાં સુંદર અનુવાદ [illegible] અને છેવટે પોતાનું રચેલ કદંબગિરિ બૃહત્કલ્પ મૂળ, સ્પષ્ટાર્થ અને વિવરણ સાથે આ[illegible] કર્તાનો પ્રયાસ સુંદર છે. પૃષ્ઠ લગભગ ૬૨૫. કીંમત–અમૂલ્ય. સભાને શેરદલાલ જે[illegible] કાલિદાસ અમદાવાદનિવાસી તરફથી ભેટ મળેલ છે.

૨. **શ્રી દ્વારપ્રિ માર્ગણા સંગ્રહ**—(યંત્રપૂર્વક) રચયિતા–મુનિરાજ શ્રી[illegible] વિજયજી. કર્મગ્રંથના અભ્યાસીઓ માટે આ સંગ્રહ ઘણો જ ઉપયોગી છે. [illegible] ઝીણવટપૂર્વક દરેક દ્વારોની વિગત જણાવવામાં આવી છે તેમજ સાથોસાથ દરેક [illegible] યંત્રો આપ્યા છે. પ્રકાશક–શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા–ભાવનગર. મૂલ્ય રૂા. [illegible] ત્યાંથી પણ મળી શકશે.

૩. **શ્રી જૈન બાલગ્રંથાવલિ**—(શ્રેણી બીજી) પ્રકાશક ગુર્જર [illegible] અમદાવાદ. બાળ ઉપયોગી સાહિત્યમાં આ ગ્રંથાવલિ સારો ઉમેરો કરે છે. [illegible] લેખક "જયભિખ્ખુ." સોળ પુસ્તિકાનો આ સેટ વસાવવા જેવો છે. મૂલ્ય [illegible]

૪. **પારમાર્થિક લેખ–સંગ્રહ**—લેખક અને સંગ્રાહક–મુનિરાજ શ્રી પુણ્ય[illegible] આત્મોત્કર્ષને સૂચવતા ૪૬ જુદાજુદા લેખોનો સંગ્રહ છે. અધ્યાત્મપ્રિય મુનિરાજશ્રીનો પ્રયાસ પ્રશંસનીય છે. મૂલ્ય રૂા. ૦ા૦. પ્રાપ્તિસ્થાન–શેઠ જીવણલાલ અબજીભાઈ [illegible] જ્ઞાનમંદિર–વઢવાણ શહેર.

૫. **સર્વજ્ઞકથિત સિદ્ધાન્તસાર**—લેખક રતિલાલ ફૂલચંદ મહેતા. આ પુસ્તક[illegible] જીવનું સ્વરૂપ, નવતત્ત્વ, સમકિત, કર્મ અને ભાવ વિગેરે વિષયોનું સ્વરૂપ સારી શૈલીથી આપ્યું છે. પ્રાંતે સિદ્ધાચલની ભાવયાત્રા અને લેખકના બનાવેલા સ્તવનો આપવામાં આવ્યા છે. પ્રયાસ સુંદર છે. કિંમત રૂપિયા બે છે, પરંતુ પ્રકરણના અભ્યાસીને છ આનાની ટિકિટ મોકલવાથી ભેટ મળી શકશે. પ્રાપ્તિસ્થાન–મહેતા રતિલાલ ફૂલચંદ, ઠે. નગીનદાસ ફૂલચંદ ચીનાઈ, ૧૯ મસીદ બંદર, મુંબઈ. ૩

૬ **નિહ્નવવાદ**—લેખક મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી મહારાજ. જમાલિ, તિષ્યગુપ્ત, અવ્યક્તવાદી વિગેરે સાત નિહ્નવોનું સ્વરૂપ રોચક શૈલીથી કથાના આકારમાં વિદ્વાન મુનિરાજે વર્ણવેલ છે. આ દિશામાં પ્રગટ થતું આ પુસ્તક નવીન ભાત પાડે છે. ઉન્માર્ગ ગામીઓને કેવી રીતે પાછા મૂળ માર્ગમાં લાવવા તેને માટે આ પુસ્તક સુંદર [illegible] પૃષ્ઠ લગભગ ૩૫૦. સાથે (૧) શિવભૂતિ, (૨) નયવાદ, (૩) આત્મવાદ અને [illegible] વિચારસૌરભનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂલ્ય રૂા. ત્રણ, પ્રાપ્તિસ્થાન–શા. [illegible] રૂગનાથ, જમાદારની શેરી–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭. **इन्दुदूतम्**—ટીકાકાર મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી. જેવી રીતે પૂર્વે આ જ વિદ્વાન મુનિરાજનું " मयूरदूत " બહાર પડયું હતું તેવી જ રોચક અને સુંદર શૈલીમાં આ પુસ્તક બહાર પાડયું છે. મૂળ કર્તા શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયના હાર્દને બરાબર સમજીને સરળ ટીકા રચવામાં આવી છે. ગુજરાતી જિજ્ઞાસુ માટે પુસ્તકની શરૂઆતમાં ગુજરાતી ભાષાંતર આપવામાં આવેલ છે. સુંદર જેકેટ તથા પૃષ્ઠ ૨૨૫. મૂલ્ય રૂપિયા બે. પ્રાપ્તિસ્થાન—શા. બાલુભાઇ રૂગનાથ, જમાદારની શેરી—ભાવનગર.

૮ **તત્ત્વાર્થાધિગમ સૂત્ર**—શ્રી તત્ત્વાર્થસૂત્રને લગતાં ઘણા પુસ્તકો બહાર પડી ગયા છે પરંતુ આ પુસ્તક નવી ભાત પાડે છે. મૂળ, તેનો **અનુવાદ, ગુજરાતી પદ્ય અને અર્થ** તથા ભાવાર્થ આપી આ ગ્રંથને સમજવામાં ઘણો જ સરળ બનાવવામાં આવ્યો છે. **અનુ**-વાદકાર મુનિરાજશ્રી રામવિજયજી. સુંદર જેકેટ અને પૃષ્ઠ ૩૦૦. મૂલ્ય રૂપિયા ત્રણ. પ્રાપ્તિસ્થાન—શા. બાલુભાઇ રૂગનાથ, જમાદારની શેરી—ભાવનગર.

૯. **ધર્મની દિશા**—ખંડ ૧-૨. સંપાદક મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ. સ્વ. આચાર્ય શ્રીવિજયદાનસૂરીશ્વરજીના ૯+૫ વ્યાખ્યાનોનો **સંગ્રહ છે.** શ્રાવક ધર્મને યોગ્ય તેમજ તત્ત્વજ્ઞાનને લગતાં ભાષણો વિચારણીય છે. પ્રાપ્તિસ્થાન **સોમચંદ ડી. શાહ—પાલીતાણા.**

૧૦ **उपदेशप्रासाद भाग १ लो ( हिंदी )**—આપણી સભા તરફથી બહાર પડેલા ઉપદેશપ્રાસાદના પાંચે ભાગો ઘણા જ લોકપ્રિય થઇ પડ્યા છે અને તેની ઘણી આવૃત્તિઓ કરવામાં આવી છે. હિંદી જાણનાર જનતા માટે આ પહેલો ભાગ હિંદીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આચાર્ય મહારાજ શ્રી વિજયકલ્યાણસૂરિજીના શિષ્ય શ્રી કુશળવિજયજીએ આ ગ્રંથનું સંપાદન કરેલ છે. પ્રયાસ ઘણો જ સારો છે. લગભગ ૬૦૦ પૃષ્ઠ, પાકું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ. દરેકે વસાવવા જેવો આ ગ્રંથ છે. **અમારી સભામાંથી પણ મળી શકશે.**

૧૧ **શ્રી જિનવર જ્યોત અને સ્તવનો**—લેખક સંગીતપ્રેમી ગણેશભાઇ પી. પરમાર—મુંબઇ. તેમના રચેલા સ્તવનોનો સંગ્રહ છે. પ્રયાસ સારો છે. મૂલ્ય રૂા. બે. પ્રાપ્તિસ્થાન મેઘરાજ જૈન પુસ્તક ભંડાર—મુંબઇ.

૧૨. **શ્રી સંગીત સુધાસિંધુ**—ખંડ ૧ થી ૫. સંપાદક મુનિશ્રી રસિકવિજયજી. આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિકૃત સ્તવનો, પ્રાચીન સ્તવનો અને સજ્ઝાયોનો સારો સંગ્રહ છે. ભકિતપ્રિય સજ્જનોને ભેટ આપવામાં આવે છે. પ્રાપ્તિસ્થાન—જયુભાઇ લલ્લુભાઇ શાહ, છાણી ( વડોદરા ).

૧૩ **શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ**—વિભાગ ૧ થી ૪. જુદાજુદા વિભાગમાં પ્રાચીન સ્તવનો, સ્તુતિઓ અને સજ્ઝાયોનો સારો સંગ્રહ છે. પ્રકાશક શ્રી વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાળા—સૂરત. મૂલ્ય રૂપિયા ત્રણ

૧૪. **સંવાદ સંગ્રહ**—પ્રકાશક—સોમચંદ ડી. શાહ, પાલીતાણા. મૂલ્ય રૂા. દોઢ. વીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવાદો તથા સ્વાગત ગીતોનો સારો સંગ્રહ છે. પાઠશાળાના બાળકોને ભજવવા માટે ઉપયોગી છે.

૧૫. **સંસ્કૃતિનો સંદેશ ને બીજાં લેખો**—લેખક મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ. પ્રાપ્તિસ્થાન–સોમચંદ ડી. શાહ–પાલીતાણા. મૂલ્ય બાર આના. નાના–મોટા છેંતાલીશ ટૂંકા લેખોનો સંગ્રહ સારો છે. બાળકોને ઉપયોગી થઇ પડે તેવો છે.

૧૬. **યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરિ**—લેખક અગરચંદ નાહટા અને ભંવરલાલ નાહટા. ખડતરગચ્છીય સૂરિમહારાજનું જીવનચરિત્ર સુંદર દૃષ્ટિથી આ બુકમાં આપવામાં આવેલ છે. મૂલ્ય રૂા. એક.

૧૭. **શ્રાદ્ધધર્મદીપિકા**—સંયોજક તથા લેખક–પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી મહારાજ. આ પુસ્તિકામાં શ્રાવકના વ્રતો, શ્રાવકનું કર્તવ્ય, પાળવાની જયણા, વિગેરે સ્વરૂપ આપવામાં આવ્યું છે. ભેટ અપાય છે. પ્રાપ્તિસ્થાન. શા ચુનીલાલ મગીનદાસ–ટાવર સામે–નવસારી.

૧૮. **સુગંધી પુષ્પો**—નાની નાની બોધક કથાઓનો સંગ્રહ સારો છે. સહાયક શેઠ શાંતિલાલ મંગળદાસ, જૂની મિલ, ભાવનગર તરફથી ભેટ મળેલ છે.

૧૯. **દાનેશ્વરી લલિતાંગ કુમાર**—લેખક એમ. એમ. વિ. ડાભોડા. નાટક ભજવવાની શૈલીએ આ કથાનકનું ત્રણ અંકમાં આલેખન કરવામાં આવ્યું છે. પ્રયાસ સારો છે. મૂલ્ય દસ આના. અડધી કિંમતે શા રતિલાલ ખોડીદાસ, ૯૮૫ પંચભાઇની પોળ.–અમદાવાદ એ શિરનામેથી મળી શકશે.

૨૦. **શ્રી શંખેશ્વર સ્તવનાવલિ**—સંગ્રાહક મુનિરાજ શ્રી વિશાળવિજયજી. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના માહાત્મ્યને સૂચવતા સંસ્કૃત તથા ગુજરાતી સ્તવનોનો સારો સંગ્રહ છે. પ્રકાશક–શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર. કિંમત આઠ આના

૨૧ **તપવિધિ સંગ્રહ**—શ્રી વિજયદાનસૂરિ ગ્રંથમાળા–સુરત તરફથી પ્રસિદ્ધ થઇ છે. નવ પદ, વીશ સ્થાનક તથા અક્ષયનિધિ તપની વિધિ અને સ્નાત્રપૂજા આપવામાં આવેલ છે. મૂલ્ય ૭ આના.

૨૨ **ધર્મની સમજ, ૨૩ પ્રકાશની હકેરમાં અંધકાર અને ૨૪ શ્રી વિજયધર્મસૂરિ શ્લોકાંજલિ**—આ ત્રણે પુસ્તિકા ન્યા. ન્યા. શ્રી ન્યાયવિજયજી મારફત ભેટ મળેલ છે. પહેલી પુસ્તિકા અમદાવાદખાતે થયેલ સર્વ ધર્મપરિષદમાં વંચાયેલ નિબંધ છે, બીજી પુસ્તિકામાં પાર્શ્વનાથ ભગવંતના એક પૂર્વભવનું વૃત્તાંત છે અને ત્રીજીમાં તેમના ગુરુવર્યના શ્લોકદ્વારા સ્તુતિ છે.

૨૫ **શ્રી સિદ્ધાચળ તીર્થ સ્તવનમાળા**—શરૂઆતમાં સ્નાત્રપૂજા અને નવસ્મરણો આપી છેવટે સ્તવનો, સ્તુતિઓ અને સજ્ઝાયોનો સંગ્રહ આપવામાં આવ્યો છે. પ્રાપ્તિસ્થાન મેઘરાજ પુસ્તક ભંડાર–મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા....સમાચાર.

## પૂજા ભણાવાશે

આગામી વૈશાખ શુદિ આઠમના રોજ પરમઉપકારી સ્વ૦ શાંતમૂર્તિ મુનિમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોઇ તે નિમિત્તે અત્રે મોટા જિનાલયમાં ગુરુમહારાજની મૂર્તિ સમક્ષ પ્રાતઃકાળમાં પૂજા ભણાવવામાં આવશે.

## જયંતિ ઉજવવામાં આવી

ચૈત્ર શુદિ તેરશના રોજ ભગવાન મહાવીરની જયંતિ રાત્રિના સાડાઆઠ કલાકે આપણી સભાના મકાનમાં શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તથા શ્રી વિજયધર્મ પ્રકાશક સભાના આશ્રય નીચે ઉજવવામાં આવી હતી. સભાના પ્રમુખસ્થાને અત્રેના કલેકટર શ્રીયુત જાદવજીભાઇ મોદી બિરાજ્યા હતા તેમજ ભાઇ, બ્હેનોની સંખ્યા સારા પ્રમાણમાં હતી. શરૂઆતમાં મુંબઇનો રેડીયો પ્રોગ્રામ રાખે કરવામાં આવ્યો હતો. બાદ સભાનું કાર્ય શરૂ થતાં શ્રી શામજી હેમચંદ દેસાઇ, શ્રી ભીમજીભાઇ હરજીવન સુશીલ તથા પ્રમુખશ્રીએ સચોટ શૈલીથી ભગવાન મહાવીરના આદર્શ જીવનનું રહસ્ય સમજાવ્યું હતું.

## એક અભિનંદનીય પ્રસંગ

માલેગામનિવાસી શ્રીયુત બાલચંદ હીરાચંદના નામથી "શ્રી જૈન ધર્મ પ્રકાશ"-ના વાંચકો અજાણ નથી. તેમની વૃદ્ધવય છતાં તેમની શાસનદાઝ જાણીતી છે. પોતાના વ્યવસાય ઉપરાંત તેઓ સામાજિક અને ધાર્મિક સેવા કરતા આવ્યા છે. આ ઉપરાંત તેમની સાહિત્યસેવા પણ પ્રશંસનીય છે. સંગઠનના તેઓ પ્રખર હિમાયતી છે અને મિથ્યા કલેશો મીટાવવા તેઓએ સારો પ્રયાસ કરેલ.

તેમના સ્નેહીઓ અને પ્રશંસકો તરફથી ચૈત્ર શુદિ બીજ રવિવારના રોજ સવારમાં માલેગામખાતે એક સત્કાર-સમારંભ યોજવામાં આવ્યો હતો, જે સમયે પ્રમુખસ્થાને મુંબઇ ધારાસભાના સ્પીકર શ્રીયુત કુંદનલાલજી ફીરોદીયા હતા. આ મેળાવડા પ્રસંગે હજારો લોકો એકત્ર થયા હતા અને સફળતા-સૂચક સંદેશાઓ પણ સારા પ્રમાણમાં આવ્યા હતા.

શ્રીયુત બાલચંદભાઇના ગુણાનુવાદ અને તેમની અત્યારસુધીની સેવાની પ્રશંસા કરી સુંદર કાસ્કેટમાં માનપત્ર અર્પણ થયા બાદ તેમને સુવર્ણચંદ્રક આપી "સાહિત્યચંદ્ર"ની પદવી એનાયત કરવામાં આવી હતી. પ્રાંતે શ્રી બાલચંદભાઇએ ઉચિત જવાબ આપી સો કોઇનો આભાર માન્યો હતો. અમે ઇચ્છીએ છીએ કે શ્રી બાલચંદભાઇ દીર્ઘાયુષી થઇ સવિશેષ સાહિત્યસેવા કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અપીલ.

ફાગણના અંકમાં જણાવી ગયા પછી "શ્રી જૈનધર્મ પ્રકાશ સહાયક ફંડ"માં નીચે પ્રમાણે મદદ મળી છે, જેનો આભાર સ્વીકાર કરીએ છીએ. કાગળના ભાવો ઘટવાને બદલે ઊલટા વધતા જાય છે. આવી સ્થિતિમાં "પ્રકાશ" ને વિશેષ સહન કરવાનું રહે છે, તો સૌ કોઇને પોતાનો ફાળો મોકલી આપવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

| | | |
|---|---|---|
| ૨૬૧)= | અગાઉના | |
| ૧૦॥= | શાહ ભીખાભાઇ જીવાચંદ | મુંબઇ |
| ૫) | શાહ નાનચંદ છગનલાલ | " |
| ૧॥ | શાહ ભીમાજી કાળીદાસ | " |
| ૧॥ | શાહ વાડીલાલ કેશવલાલ | વડોદરા |
| ૨૭૯॥॥ | | |

## વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત.

આ ગ્રંથની બીજી આવૃત્તિ ખલાસ થઇ ગયાને ઘણો સમય થઇ જવાથી તેની વારંવાર માગણી રહેતી હોવાથી છાપકામ વિગેરેની મોંઘવારી છતાં આ ઉપયોગી ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. આ જ્યોતિષના અદ્ભુત ગ્રંથમાં બારે માસના વાયુનો વિચાર, સાઠ વર્ષનું ફળ, શનિ નક્ષત્રના યોગનું ફળ, અયન, માસ, પક્ષ, દિન, વર્ષરાજાદિકનો અધિકાર, મેઘગર્ભ, તિથિફળ, સૂર્યચાર, ગ્રહણ, શકુનનિરૂપણ, તેજીમંદી સ્વરૂપ, ધ્રુવાંક, હસ્તરેખા-વિગેરે વિષયોનો સમાવેશ કરેલ છે; છતાં કિંમત રૂા. ૬॥, પોસ્ટેજ અલગ.

લખોઃ- **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## દેવસીરાઈ પ્રતિક્રમણ—સાર્થ.

જેમાં શબ્દાર્થ-અન્વયાર્થ-ભાવાર્થ અને ઉપયોગી ફુટનોટ આપવામાં આવી છે. શ્રી જૈન શ્વે. **એજ્યુકેશન બોર્ડ** અને **રાજનગરની** ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઇ પડે તેવી શૈલી રાખવામાં આવી છે; છતાં કીંમત રૂા. ૨॥, લખો—

**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## ખેદકારક સ્વર્ગવાસ

કલકત્તાનિવાસી દોશી ઇંદરજી લાલજી ફાગણ વદિ ૦)) ને શુક્રવારના રોજ બે માસની બીમારી ભોગવી સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થ ક્રિયાપ્રેમી તેમજ ધર્મચુસ્ત હતા. તેમના સ્વર્ગવાસથી લાયક સભાસદની સભાને ખોટ પડી છે. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# અમારે ત્યાંથી મળી શકતા પુસ્તકોની સૂચિ.

## [ પ્રતાકારે ]

| | |
|---|---|
| આચારપ્રદીપ | ૧-૦-૦ |
| આરંભસિદ્ધિ | ૩-૦-૦ |
| અનેકાંતવ્યવસ્થા પ્રકરણ | ૧-૮-૦ |
| ઉપદેશમાળા સટીક | ૫-૦-૦ |
| ઉપદેશ પદ મહાગ્રંથ ભા. ૧ | ૨-૦-૦ |
| ,, ,, ,, ૨ જો | ૪-૦-૦ |
| ઉપદેશતરંગિણી | ૩-૦-૦ |
| ઉપદેશ પ્રાસાદ ભાગ ૨ | ૩-૦-૦ |
| ઉપદેશ સાર્થ | ૨-૦-૦ |
| ઉપમીતી પરિણામમાળા | ૦-૧૨-૦ |
| કલ્પસૂત્ર સુખબોધિકા ( દે. લા. ) | ૪-૦-૦ |
| ગાંગેયભંગ પ્રકરણ | ૧-૮-૦ |
| ચઉસરણ આઉર પચ્ચખાણ | ૦-૮-૦ |
| જ્યોતિષ કરંડક | ૪-૦-૦ |
| ધન્નાશાલિભદ્ર મૂળ | ૧-૮-૦ |
| ધર્મપરીક્ષા | ૧-૮-૦ |
| નવતત્ત્વ સુમંગલા | ૧-૮-૦ |
| નલાયન | ૭-૦-૦ |
| નવપદ પ્રકરણ સ્વોપજ્ઞ લઘુવૃત્તિ | ૧-૮-૦ |
| નવપદ પ્રકરણ બૃહદ્ વૃત્તિ | ૨-૦-૦ |
| ન્યાયાલોક | ૧-૮-૦ |
| પાંડવ ચરિત્ર ભા. ૧ | ૪-૦-૦ |
| ,, ભા. ૨ | ૪-૦-૦ |
| પ્રજ્ઞાપના સૂત્ર ભા. ૧ | ૬-૮-૦ |
| ,, ,, ભા. ૨ | ૬-૮-૦ |
| ,, ,, ભા. ૩ | ૬-૮-૦ |
| લલીતવિસ્તરા | ૧-૮-૦ |
| વર્ધમાન દેશના ભાગ ૨ | ૨-૦-૦ |
| વાસુપૂજ્ય ચરિત્ર | ૫-૦-૦ |
| વિચારરત્નાકર | ૩-૦-૦ |
| વૈરાગ્યરસમંજરી | ૧-૦-૦ |
| વૈરાગ્યકલ્પલતા | ૭-૦-૦ |
| શાંતિનાથ ચરિત્ર | ૨-૧૨-૦ |
| સમવાયાંગ સૂત્ર | ૩-૮-૦ |
| સુબોધિકા કલ્પસૂત્ર | ૩-૦-૦ |
| સ્તુતિ કલ્પલતા | ૧-૦-૦ |
| શ્રી ચંદ્રકેવલી ચરિત્ર | ૧-૪-૦ |
| શ્રીપાલ ચરિત્ર ( રત્નશેખરવાળું ) | ૪-૦-૦ |

## [ બુકાકારે ]

| | |
|---|---|
| અંજના સતીનો રાસ | ૦-૪-૦ |
| આચારપ્રદીપ ( ચંદ્રશેખરવાળું ) | ૧-૪-૦ |
| આચારોપદેશ | ૦-૧૨-૦ |
| ઉપધાન વિધિ | ૦-૨-૦ |
| તત્ત્વનિર્ણયપ્રાસાદ | ૪-૦-૦ |
| નવપદજી પૂજા ( પદ્મવિજયજીકૃત ) | ૦-૪-૦ |
| પ્રભાવિક પુરુષો ભા. ૧ | ૨-૦-૦ |
| પાર્શ્વનાથજીનો વિવાહલો | ૦-૪-૦ |
| બાર વ્રતની પૂજા | ૦-૪-૦ |
| ભુવનભાનુ કેવલી ચરિત્ર | ૦-૮-૦ |
| મનુષ્ય ભવના દશ દૃષ્ટાંત | ૦-૨-૦ |
| રાજા શ્રીપાળ | ૦-૮-૦ |
| શારદાપૂજન વિધિ | ૦-૧-૦ |
| શલોકા સંગ્રહ | ૦-૪-૦ |
| ક્ષમાકુલક સંગ્રહ | ૦-૩-૦ |

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only